




અમરેલી અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું દૈનિક
R.N.I.N.70053/99, Postal Reg.No.AMR / 69/ Validup to 2021-23

सत्यमेव जयते
AVADH TIMES DAILY
સૌરાષ્ટ્ર આવૃતિ


# અવધ ટાઇમ્સ


પાના ૮ કિંમત છુટક નકલ રૂા.૩-૦૦
તા.૦૩-૦૭-૨૦૨૪ બુધવાર

ફોન :- (૦૨૭૯૨)-૨૨૩૮૯૬,૨૨૪૮૯૬,૨૩૨૪૯૯/૨૨૪૧૧૫/ ફેક્સઃ ૨૨૦૧૫૫/૨૨૪૯૪૭
Website: www.avadhtimes.net, E-mail: avadhtimes@gmail.com,news@avadhtimes.net,



૨૨ કેરેટ હોલમાર્ક દાગીનાનો ભાવ
૬૩,૨૫૦/- (૧૦ ગ્રામ)
રહેલ તા.૦૧-૦૭-૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઇન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬



તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : ભરત ડી.ચૌહાણ, અવધ ઓફસેટ,અમરપુર (વરૂડી),અમરેલીથી છાપીને અવધ ટાઇમ્સ કાર્યાલય, હેડ પોસ્ટ ઓફિસ સામે,અમરેલીથી પ્રસિધ્ધ કર્યુ. સહતંત્રી : વિજય ડી.ચૌહાણ સં.૨૦૮૦ જેઠ વદ ૧૨ વર્ષ : ૨૮ અંક ૨૭૫


### તા. ૧ જુલાઇથી નવા કાયદા અમલમાં આવતા એસપી શ્રી હિમકરસિંહની સૂચનાથી અને ડીવાયએસપીશ્રી ચિરાગ દેસાઇના માર્ગદર્શનમાં આયોજન

# અમરેલીમાં નવા કાયદા માટે જાગૃતિ અભિયાન યોજાયું

### નવા કાયદા વિશે જીલ્લાના નાગરીકો માહિતગાર થાય તે માટે પોલીસ હેડ ક્વાર્ટર ખાતે સીટી પીઆઇ શ્રી અજય પરમાર દ્વારા જાગૃતી અભિયાન કાર્યક્રમનું આયોજન કરાયું

### કાયદાના નિષ્ણાંત એડવોકેટ શ્રી ઉદયન ત્રીવેદીએ ભારતીય ન્યાય સંહીતા, ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા, ભારતીય સાક્ષ્ય એક્ટની પોલીસ, નાગરીકોને માહિતી આપી



અમરેલી, (ડેસ્ક રિપોર્ટર)

અમરેલી જીલ્લા પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહએ તા.૦૧/૦૭/૨૦૨૪ ના રોજથી અમલમાં આવનાર નવા કાયદા વિશે અમરેલી જીલ્લાના નાગરીકો માહિતગાર થાય તે સારૂ જાગૃતી અભિયાન' કાર્યક્રમનું આયોજન કરવા સુચના આપેલ હોય જે અનુસંધાને અમરેલી ડીવીઝનના નાયબ પોલીસ અધિક્ષક ચિરાગ દેસાઈ દ્વારા સુચના તથા માર્ગદર્શન આપવામાં આપેલ હોય.અમરેલી સીટી પોલીસ ઈન્સ્પેક્ટર અજય એમ.પરમાર ની રાહબરી હેઠળ અમરેલી સીટી પોલીસ દ્વારા ડી.ટી.સી.કેન્દ્ર, પોલીસ હેડ ક્વાર્ટર ખાતે અમલમાં આવનાર નવા ફોજદારી કાયદા અન્વયે જાગૃતી અભિયાન કર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હોય જે કાર્યક્રમમાં અમરેલી સીટી પોલીસ સ્ટેશનનો સ્ટાફ તથા સદભાવના ગ્રુપના પ્રમુખ અજીજભાઈ ગોરી તથા અમરેલી શહેરના અગ્રણીઓ ઉપસ્થીત રહેલ હતા.સદરહું કાર્યક્રમમાં કાયદાના નિષ્ણાંત એડવોકેટ ઉદયનભાઈ ત્રીવેદીએ તા.૦૧/૦૭/૨૦૨૪ ના રોજથી અમલમાં આવનાર નવા ત્રણ કાયદા (૧) ભારતીય ન્યાય સંહીતા તથા (૨) ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા તથા (૩) ભારતીય સાક્ષ્ય એકટ વિશે ઉપસ્થીત પોલીસ સ્ટાફ તથા નાગરીકોને માહિતગાર કરેલ હતા.

# અમરેલીમાં વરસાદે રસ્તા અને તંત્રની આબરૂ બન્ને ધોઇ નાખ્યાં



અમરેલીમાં પડેલા સામાન્ય વરસાદે અમરેલીનો રૂડા-રૂપાળા દેખાતા રસ્તા અને તંત્રની આબરૂ બન્નેને ધોઈ નાખ્યા હતા કારણ કે ઉપર તસવીરમાં દેખાય છે તે અમરેલીના સૌથી ધમધમતા રોજના હજારો લોકોની અવરજવર ધરાવતા લાઠી રોડે મસ મોટા ગાબડા પડયા છે.

### અમરેલી જીલ્લામાં રાત્રિ દરમ્યાન પણ હળવાભારે વરસાદ

# રાતભર અમરેલી શહેરમાં ધીમીધારે વરસાદ વરસ્યો : વરસાદનાં પાણી જમીનમાં ઉતર્યા

### બગસરા ૩ ઈંચ, રાજુલામાં ૨૪ કલાકમાં ૬ ઇંચ, ખાંભા અને ધારી ૨ ઈંચ, જાફરાબાદ અને કુંકાવાવ વડિયામાં ૧ ઈંચ વરસાદ

અમરેલી,

અમરેલી શહેર અને જીલ્લામાં ગત રાત્રિ દરમ્યાન પણ હળવાભારે વરસાદ શરૂ રહયો હતો. અમરેલી જીલ્લા ફલડ કંટ્રોલ રૂમમાં નોંધાયેલ વરસાદમા તા.૧નાં સવારે ૮ વાગ્યાથી તા.૨નાં સવારનાં ૮ વાગ્યા સુધીમાં કુંકાવાવ વડીયામાં ૮૪ મીમી, બાબરામાં ૨૫ મીમી, લાઠીમાં ૨૫ મીમી, લીલીયા ૪૯ મીમ, અમરેલી ૫૨ મીમી, બગસરા ૧૨૦ મીમી, ધારી ૬૫ મીમી,

(અનુ. પાના નં.૬)























## દર વર્ષની જેમ આ વર્ષે પણ ભાવ્યાતિ ભવ્ય સમુહલગ્નોત્સવ

# જાફરાબાદમાં સાગર ખેડૂ સમુહલગ્નોત્સવ યોજાશે

### ભવ્ય સમુહલગ્નમાં ૩૮ નવદંપતિઓ પ્રભુતામાં પગલા માંડશે ઢોલ, શરણાઇ - ડિજેના તાલે સગા સ્નેહીઓ સૌ ઝુમી ઉઠશે : તડામાર તૈયારીઓ શરૂ કરાઇ

### ચોમાસાના કારણે દરીયામાં બે માસનું માછીમારી વેકશન હોવાથી સાગર ખેડુઓમાં લગ્નસરાની સિઝને ધુમ મચાવી : લગ્નોત્સવ અંગે ભારે હરખ




રાજુલા, (કનુભાઈ વરૂ) જાફરાબાદ કે જે અરબી સમુદ્ર કિનારે વસેલું બંદર છે. અહીં વસવાટ કરતા ખારવા સમુદાયમાં અષાઢ માસ એટલે સાગરખેડૂ ઓમા લગ્નોના મંગલનો અવસર કહેવાય છે. દરિયામાં એક થી બે માસનું માછીમારી વેકેશન આવતા જ સાગરખેડૂ પરિવારોમાં લગ્ન સરાની સિઝનની ધૂમ મચી છે. બંદર પર રોશનીનો ઝગમગાટ, દિકરા દિકરીઓના લગ્ન લેવાયાં બજારમાં ખરીદી નીકળી ઢોલ શરણાઈ ડીજે ના નાદ ગૂંજીયા ગોરબાપા ના મંગલ શ્લોકો સાથે લગ્નનો માહોલ છવાયો નવ માસ સુધી દેવના ખોળે રમતા સાગરખેડૂ જીવ સટોસટની બાજી ખેલી માછીમારી નો વ્યવસાય કરી પોતાનું ગુજરાન ચલાવે છે. આ આઠ થી નવ માસ દરમિયાન મધદરિયેદરિયોખેડવાજતાહોયછે. મધદરિયે અનેક આફતો અનેકવાર કુદરતી આફતનો સામનોકરવોપડતોહોયછે. અનેકવારતોફાન, બોટઊંઘલીપડવીદરિયામાંઅકસ્માતેપડીજવું અને ગુમાવવો દરિયાઇ ફીશિંગ વખતે બિમાર પડીજવુંમાછીમારીકરતીવખતે જાળદરિયામાં મુકતીવખતેપવનનામોજાંમાંબોટહલકડોલક થવાથી પાડું તથા હાથમાં દોરડું આવી જતાં અકસ્માતઘણીખરીવખતથતાંહોયછે. વાપસ જાળખેંચતીવખતેદોરડુંતુટીજાવાથીહાથપાટું ભાંગી તથા એવા ગંભીર અકસ્માત થતાં છે. તથા હાર્ટએટેક તથા અન્ય સમસ્યાઓ નો સામનોકરતોબળકંદોસાહસિકસમાજજ્યારે અષાઢમાસઆવેત્યારેવધારેખુશખુશાલબની જાયછે. ઘરેઘરે લગ્નની શરણાઈ ઓ અને ડીજે ઢોલ ઢબૂકી ઊઠે છે. લગ્નોના કારણે દીકરા દીકરી ઓના લગ્નની ખરીદી કરતા હોવાથી વેપારીઓને પણ બજારમાં રોનક દેખાવા લાગે છે. ઓસ્થાનિકખરીદીઉપરાંતરાજુલા, ઉના, મહુવા, સુરત, વેરાવળ, પોરબંદર, મુંબઈ, ખરીદીમાટેજાયછે. ખારવા સમાજમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ઠેકઠેકાણે લગ્નના મંડપો રોશનીથી સજાવવામાં આવ્યા છે. હાલ માછીમારી સિઝનની બંધ હોય નવ થી આઠ માસ દરમ્યાન સાગરખેડૂ દરિયો ખેડવા જાય છે. મહા મહિના ના પંદર સમાજિક કર્યો માટે બોટો બંધ રાખવામાં આવતી હોય છે. તે દરમિયાન ખારવા સમાજમાં સગાઈ તેમજ લગ્ન માંગવામાં આવે છે. આઠ માસ પછી સિઝનનું વેકેશન માં અષાઢ મહિનામાં એટલે ચોમાસા માં માંગલિક પ્રસંગો એટલે લગ્નના આ રુડાં અવસર માટે અગાઉથી છોકરી વાળા લાડકવાયી દીકરી માટે તમામ કરિયાવર દાગીના થી લઈને ઘરવખરી ની ખરીદી કરવામાં આવે છે. છોકરાવાળા લુગડા તેમજ વરરાજા ઓ ના ઘરના તમામ પરિવારોની ખરીદી કરવા માટે પણ જતા હોય છે. સમાજિક કર્યો મારી ફરી દરિયા દેવનો ખોળો ખુદવા સાગરખેડૂ જતા હોય છે. ત્યારે ખારવા સમાજમાં લોકપીયગીત "અમે દરિયાનો ખોળો ખુદનાળા રે ખારવા ખારવા બેલી કે ખારવા ખારવા અલ્લાહ બેલી જ્યારે એક થી બે મહિનાનું વેકેશન પૂરું થતાં સાગરખેડૂ વરસતા વરસાદમાં તુફાની દરિયાના ઉંચા ઉછરતા મહાકાય મોજાં ઉછાળી રહ્યા હોય તે સમયે સાગરખેડૂ માછીમારી કરવા દુર દુર સમુદ્ર ના ઉંડા પેટાળમાંથી માછલીઓનો જથ્થો પોતાના જીવના જોખમે દરિયો ખેડી લઈ આવતા હોય છે. ૪ચાર મહિના લગ્નની સિઝન હોય છે હાલ છૂટક છૂટક લગ્ન શરૂ છે તારીખ ૧૫ ૭ ના રોજ સમગ્ર ખારવા સમાજ આયોજિત ૩૮ લગનનું આયોજન થયું હોવાનું બોટેશનના પ્રમુખ કનૈયાલાલ સોલંકી એ જણાવ્યું હતું ૩૮ સમુહ લગ્નની તળાવમાં તૈયારીઓ સમાજના આગેવાનો કરી રહ્યા છે જાફરાબાદ ખારવા સમાજ માં લગ્નસરાની મોસમ છે ખારવા સમાજમાં સમુહલગ્ન યોજાતા લોકો ઘરેઘરે લગ્નમાં સૌ પરિવારો સાથે ખુબજ ઉત્સાહ સાથે ઘપરોમાં રંગરોગાન તથા રંગબેરંગી લાઈટિંગ થી ઘરને અને ઘર આંગણે મંડપમાં ને પણ શણગારવામાં શણગારવામાં આવ્યા છે ત્યારે સમસ્ત ખારવા સમાજ આયોજિત સમૂહ લગ્ન ૧૫ ૭ ના રોજ ૩૮ લગ્ન યોજવાના છે તેની તૈયારીઓ એસોસનના પ્રમુખ કનૈયાલાલ સમસ્ત ખારવા સમાજના પટેલો વગેરે કરી રહ્યા છે આર સમૂહ લગ્નમાં રાજકીય મહાનુભાવો ખાસ ઉપસ્થિત રહેશે અને આ સમૂહ લગ્નમાં ભવ્ય વરઘોડો કામનાથ મહાદેવથી નીકળી ટાવર શોબસસ્ટેશનમાં ભારે જમાવટ થશે અને ત્યારબાદ કામનાથ મંદિર સામે મંડપમાં લગ્નગ્રંથિથી નવદંપ્રતિઓ જોડાશે અને મહેમાનોનું બહુમાન કરવામાં આવશે વરઘોડો જોવા આજુબાજુના ગ્રામ્યજનો પણ ઉમટી પડશે અને ૧૫ તારીખે સમગ્ર વરઘોડો નીકળે ત્યાં સુધી ગામ પણ બંધ રહેશે અને મચ્છીમારો પણ પોતાની બોટ બંધ રાખે છે આમ જાફરાબાદમાં આ લગ્ન ગામના જ વરરાજા અને ગામની જ કન્યાઓ લગ્નગ્રંથિથી જોડાય છે હાલ તો જ લગ્નની સિઝન હોવાથી લગ્નમાં ન જોડાયા હોય તેવા લોકો લગ્ન ની કામગીરી અને લગ્ન પણ એકાદ લોકલ કાયમ હોય છે.

---

## અમરેલી જિલ્લા રઘુવીર સેનાના પ્રમુખશ્રી વિશાલભાઇ સોઢાની રઘુવીર ક્રાંતિ મંચનાં ઉપપ્રમુખ તરીકે વરણી

### સમસ્ત રઘુવંશી સમાજમાં હરખની હેલી : સર્વત્ર આવકાર



ચલાલા, (પ્રકાશ કારીયા) અખીલ સૌરાષ્ટ્ર રઘુવીર સેના અમરેલી જિલ્લાનાં બાહોશ અને નિષ્ઠાવાન ઉત્સાહી, નીડર પ્રમુખ વિશાલભાઈ ગમનભાઈ સોઢાની રાષ્ટ્રિય કક્ષાનાં રઘુવંશી સંગઠન એવા રઘુવંશી ક્રાંતિમંચ (આરકેએમ)નાં સૌરાષ્ટ્ર વિભાગનાં ઉપપ્રમુખ તરીકેની વરણી કરી તેમજ સન્માન કર્યા હતાં. પ્રમુખશ્રી ડૉ.ધર્મેશ ઠક્કર અને સૌરાષ્ટ્ર ઝોનનાં પ્રમુખ શ્રીમતી સોનલબેન વસાણી, ઉપપ્રમુખ મહેશભાઈ નગદીયાએ વરણીની જાહેરાત કરતા રઘુવંશીઓમાં હરખની હેલી ચડી છે અને સૌરાષ્ટ્રભરનાં તઘુવંશી શ્રેષ્ઠીઓ દ્વારા રઘુવંશી ક્રાંતિ મંચનાં નવ નિયુક્ત ઉપપ્રમુખ શ્રી વિશાલભાઈ સોઢા ઉપર અભિનંદનનો ધોધ વહેતો થયો છે. અખિલ સૌરાષ્ટ્ર રઘુવીર સેના અમરેલી જિલ્લાનાં પ્રમુખ તરીકે તેમજ મજબુત સરાહનીય કામગીરીને ધ્યાનમાં લઈ વધુ એક રાષ્ટ્રિય કક્ષાનાં સંગઠનમાં જવાબદારી સોંપવામાં આવેલ છે. વાંકાનેરનાં જાલીડા ગામે ૧૦૦ કરોડનાં ખર્ચે બનતા રામધામ મંદિરનાં કાર્યમાં પણ વિશાલભાઈની કાબીલેદાદ કામગીરી રહી છે. ત્યારે નવ નિયુક્ત પ્રમુખ વિશાલભાઈ સોઢાને ગુજરાત રઘુવંશી સમાજનાં શ્રેષ્ઠી ચંદ્રેશભાઈ રવાણી, જીતુભાઈ સોમાણી, જુનાગઢનાં ડેપ્યુટી મેયર ગીરીશભાઈ કોટેચા, અમરેલી લોહાણા મહાજન ઉપપ્રમુખ અને શહેર ભાજપનાં શ્રી ભાવેશભાઈ સોઢા, લોહાણ મહાપરિષદ સૌરાષ્ટ્ર ઝોનનાં રીઝીયોનલ પ્રમુખ સંજયભાઈ વણજારા, પ્રવિણભાઈ સોઢા, રામધામનાં ટ્રસ્ટી વિનુભાઈ કટારીયા, રાજકોટ જિલ્લા મહિલા ભાજપ પ્રમુખ અને રઘુવંશી શ્રેષ્ઠી સોનલબેન વસાણી, પ્રફુલભાઈ બાટવીયા, વિકાસભાઈ વડેરા, પ્રકાશભાઈ કારીયા, મહેશભાઈ મશરૂ, મહેશભાઈ નગદીયા, ટાવર ચોક વેપારી એસો.નાં પ્રમુખ હિતેષભાઈ પોપટ, વેપારી મહામંડળ પ્રમુખ બિરજુભાઈ અટારા, પિયુષભાઈ સોનપાલ, હિતેષભાઈ માનસેતા, પરેશભાઈ દાવડા, રવિભાઈ ભીમજીયાણી, સાવરકુંડલાનાં હિતેષભાઈ સરૈયા, બાબરાનાં રીષીભાઈ રૂપારેલ, બગસરાથી મોહિતભાઈ મસરાણી, વડીયાથી તુષારભાઈ ગણાત્રા, મિતુલભાઈ ગણાત્રા, ચલાલાનાં જૈમિનભાઈ ચંદારાણા, જીજ્ઞેશભાઈ પોપટ, જામનગરથી હાર્દિકભાઈ શીંગાળા, રવિભાઈ કારીયા, કુંકાવાવથી મિલનભાઈ કંટારીયા સહિત રઘુવંશી શ્રેષ્ઠીઓએ શુભકામનાઓ પાઠવી હતી. આ પ્રસંગે ઉપપ્રમુખ વિશાલભાઈ સોઢાએ જણાવ્યું કે, સૌરાષ્ટ્રભરમાં રઘુવંશી સમાજનું સંગઠ અને એકતા મજબુત બનાવાશે. સૌરાષ્ટ્ર કક્ષાનાં સમુહ લગ્ન, સમુહ જનોઈ, વૃક્ષા રોપણ સહિત કાર્યક્રમો અપાશે તેમ જણાવ્યું છે.

---

**સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ કચેરી ધારી**

નં. એમએજી/વશી/૫૩૦/૨૦૨૩૪
તા.૧૨/૦૬/૨૦૨૪

અરજદાર :- શ્રી અશોકભાઈ વિઠ્ઠલભાઈ ગેલાણી રહે.હુડલી, તા.ધારી
વિરૂધ્ધ સામાવાળા :- તલાટીકમ મંત્રી હુડલી ગ્રામ પંચાયત

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે કે શ્રી અશોકભાઈ વિઠ્ઠલભાઈ ગેલાણી રહે.હુડલી, તા.ધારીવાળાએ તેમના ભાઈ નિલેષ વિઠ્ઠલભાઈ ગેલાણીનો જન્મ તા.૦૯-૧૨-૧૯૮૮ ના રોજ ધારી તાલુકાના હુડલી મુકામે થયેલ હોવા ની જન્મ નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજ કરેલ છે તો આ કામના સામાવાળા ના જન્મની નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે જે કોઈને કાંઈ વાંધો તકરાર કે હરકત હોય તેઓએ તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૩૦-૦૭-૨૦૨૪ ના રોજ ૧૨-૦૦ કલાકે વાંધા તકરાર સાથે ઉપસ્થિત રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો

સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ ધારી

---

### શ્રી મોગલ માં માનવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા

## ચલાલાનું વિદ્યાધામ આરકેએમએમ હાઇસ્કુલને નવા વિચારો સાથે ધમધમતી કરવાનાં પ્રયાસો

### શિવ સાંઇ ગૃપ દ્વારા અપાતી વિવિધ સેવાઓ : હાઇસ્કુલમાં ચોપડા વિતરણ કાર્યક્રમ યોજાયો





ચલાલા, (પ્રકાશ કારીયા) શ્રી મોગલ માં માનવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ સુરતનાં સહયોગથી આરકેએમએમ હાઈસ્કુલમાં અભ્યાસ કરી રહેલ તમામ વિદ્યાર્થીઓને ચોપડા, કીટ આપીને શિવ સાંઈ ગૃપ ચલાલા દ્વારા સન્માનીત કરવામાં આવ્યાં હતાં. આ હાઈસ્કુલ ખંડેર હાલતમાં હોઈ શાળામાં અભ્યાસ કરીને બહાર વસતા તમામ વિદ્યાર્થીઓને જાહેર અપીલ કરતા આમંત્રીત મહેમાનોએ જણાવેલ કે, દાન મહારાજની આ પાવન ભુમી ચલાલામાં હાલમાં સરકારી એકપણ એવી સ્કુલ નથી જ્યાં ધો.૧૧-૧૨ માં અભ્યાસ થઈ શકે. તો જે વિદ્યાર્થીઓ પ્રાઈવેટ સ્કુલમાં આર્થિક પરિસ્થિતિ નબળી હોવાથી ત્યાં મોંઘીદાટ ફી ભરીને ભણી શકે તેમ નથી એવા તમામ વિદ્યાર્થીઓને મજબુરીથી બહારગામ અભ્યાસ કરવા જવું પડે છે. કેટલાક એવા પરિવારો છે જે પોતાનાં સંતાનોને ભણાવવા માટે વ્યાજે પૈસા લેવા મજબુર થઈ રહેલ છે.

ત્યારે ચલાલામાં એક નાનુ એવું શિવ સાંઈ ગૃપ ધારી તાલુકામાં આવેલ સરકારી સ્કુલમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને મદદરૂપ બની રહેલ છે. ગામડાઓ સુધી શિવ સાંઈ ગૃપ વિવિધ સેવાઓ કરી રહેલ છે ત્યારે શ્રી મોગલ માં ટ્રસ્ટનાં સહયોગથી આરકેએમએમ હાઈસ્કુલમાં ચોપડા વિતરણ કાર્યક્રમ યોજાયો હતો અને આમંત્રીત તમામ મહેમાનોએ શિવ સાંઈ ગૃપની અવિરત સેવાઓને બિરદાવી હતી તથા ખંડેર બની ગયેલ આરકેએમએમ હાઈસ્કુલ ફરીથી ધમધમતી થાય તેવા પ્રયત્નો સૌ સાથે રહીને કરીએ અને આપણી શાળાનું ગૌરવ વધે, ગામનું ગૌરવ વધે એ માટે સલાહ નહીં સહકાર આપે એવી જાહેર અપીલ કરવામાં આવી હતી તેમ પત્રકાર પ્રકાશભાઈ કારીયાની યાદીમાં જણાવાયું છે.

---

### સમસ્ત વાલમિક સમાજ ગુજરાત દ્વારા રજુઆત

## જાફરાબાદમાં સફાઇ કામદારોને રેગ્યુલર રાખવા માંગણી

### એક મહિનો કામ ઉપર રાખે છે બીજે મહિને ઘરે બેસવું પડતુ હોવાથી મુશ્કેલી



જાફરાબાદ, (ફિરોજપઠાણ) જાફરાબાદના સફાઈ કામદારો શહેરમાં સફાઈ કામગીરી કરી છે. અને ગામ તથા જેતે વિસ્તારમાં ચોખ્ખો રાખે છે છતાં હકક હિસ્સા મળતા નથી આવી મોઘવારીમાં પણ ઘણા વર્ષોથી નગરપાલિકામાં છે અને ત્યાં વારા સિસ્ટમ રાખેલ છે. જેમ કે એક મહિનો કામ ઉપર આવવાનું અને એક મહિનો ઘરે બેસવાનું તેથી મોંઘવારીમાં ઘરનું પાલન પોષણ મુશ્કેલ બન્યું છે. કોઈ પરિવારમાં બિમાર પડે તો સારવારના ખર્ચ સામે ઘર કેવી રીતે સંભળાવુ તેથી વારા સિસ્ટમ બંધ કરી રેગ્યુલર કામે રાખવા સમસ્ત વાલમિકી સમાજ ગુજરાતે જાફરાબાદ પાલિકાના ચીફ ઓફિસર અને વહીવટદારને લેખિત રજુઆત કર્યાનું સમસ્ત વાલમિકી સમાજે જણાવ્યું છે.

---

## સુરત પોલીસની સરાહનીય કામગીરી : ગુમ થયેલ બાળકને શોધી માતા-પિતાને પરત સોંપ્યું

(જી.એન.એસ) સુરત, ફરી એક વાર સુરતમાં પોલીસની ખુબજ ઉમ્મ્દા કામગીરી નો કિસ્સો સામે આવ્યો છે જેમાં, શહેરની શી ટીમે ગુમ થયેલ બાળકને ગણતરીના સમયમાં શોધી કાઢ્યું હતું. પોતાનું બાળક ગુમ થતાં જ પરિવાર ખુબ ચિંતિત બન્યો હતો અને તાત્કાલિક પોલીસને જાણ કરી. પોલીસ પણ આ ઘટનાની ગમ્ભીરતા જાણીને તુરંત કાર્યવાહી કરતાં ગુમ થયેલ બાળકની કલાકોમાં જ ભાળ મેળવી લીધી હતી. પોલીસને શી ટીમની આ કામગીરીને લીધે પ્રશંસા થઈ રહી છે.

---

**વી. કે. મોટર્સ**

VK MOTORS
Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI

CAR SERVICE ▪ SPARE ▪ INSURANCE

તમામ પ્રકારની ગાડીનું રીપેરીગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીગ કરી આપવામાં આવશે. ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા.

તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.

વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail:kanpariyavipul4025@gmail.com

**મકાન વેચવાનું છે**

''જોતા જ ગમી જાય તેવુ''
રોડ ટચ, સંકુલની સામે, ચક્કરગઢ રોડ, અમરેલી. ફુલ ફર્નિચર, પાર્કિંગ સાથે (ગેસ, ગટર, પાણી કનેકશન)
2BHK મકાન વેચવાનું છે
સંપર્ક : ૯૪૨૯૩ ૫૧૮૭૮, ૬૩૫૧૧ ૭૦૩૪૦

**મકાન વેચવાના છે**

અમરેલીમાં મીની કસ્બામાં ૮ રૂમ બે બ્લોક ટાઇપ, બે દુકાન સાથે ૨ રૂમ, પાણીની ફુલ સગવડ સાથેનું મકાન PR કાર્ડ સાથે ટાઇટલ કલીયર
સંપર્ક : ૭૦૧૬૩ ૧૧૧૫૨

**અમરેલીનું ગૌરવ હોટલ રોયલ ફોરચ્યુન**

રૂમ્સ એન્ડ કોફીબાર
A/C રૂમ એન્ડ નોન A/C રૂમ
મેરેજ એનિવર્સરી બર્થડે પાર્ટી પાર્ટી હોલ
ફર્સ્ટનાઇટ બુકીંગ માત્ર રૂા.૯૯૯/- માં
કેરીયારોડ બાયપાસ, એમેજોન સોસાયટીની સામે, અમરેલી
સંપર્ક : ૯૫૩૭૫ ૦૨૭૭૫, ૭૫૬૭૩ ૪૪૦૯૧

**મકાન વેચવાનું છે**

અમરેલીમાં ચક્કરગઢ રોડ ઉપર સંકુલની પાસે ક્રિષ્ના પાર્કમાં 2BHK મકાન જેમાં પાણીનો દાર, ફોરવ્હીલ પાર્કિંગ સહિત તમામ સુવિધા ધરાવતુ કોર્નરનું મકાન વેચવાનું છે
સંપર્ક : ૮૭૫૮૦ ૯૩૦૩૦, ૮૭૫૮૭ ૯૩૦૩૦

૧૯૯૬ થી અમરેલીમાં નિયમિત મળે છે
**સેકસ સમસ્યા?**
નપુસંકતા, શિથિલતા, શિઘ્રસ્ખલન, શુક્રાણુની ખામી, નિઃસંતાન
ડાયાબિટીસના કારણે શિથિલતા
વૈદ્ય દિનેશભાઇ ગોરધનદાસ
રામભરોસે ગેસ્ટ હાઉસ ટાવર પાસે, અમરેલી
અમરેલીમાં દર ગુરૂવારે મળશે
રાજુલામાં દર શુક્રવારે મળશે
Mo. 98243 50688

**મકાન વેચવાનું છે**

વેસ્ટર્ન પાર્ક સોસાયટી, ચિતલ રોડ, અમરેલી ચામુંડા કૃપા નામનું તમામ સુવિધાવાળુ બે માળનું મકાન (બંગલો) મોકાની જગ્યાવાળુ વેચાણ કરવાનું છે ખરીદ કરવા માંગતા વ્યકિતએ સંપર્ક કરવો
પી.સી.પરમાર (નિવૃત મામલતદાર)
સંપર્ક : મો.૯૮૨૫૯ ૦૬૨૧૨

**લાઠીમાં મોકાની દુકાન વેચવાની છે**

લાઠીમાં કલાપી ચોકમાં ચાવંડ દરવાજા પાસે ડબલ શટરવાળી તદન નવા બાંધકામવાળી જેમાં ઉપર હોલ ૨૨ X ૨૦ ફુટનો બે માળની અતિ મોકાની દુકાન, ટાઇટલ કલીયર હોસ્પિટલ, મોલ તેમજ શો-રૂમ લાયક જગ્યા વાળી દુકાન કસમાં વેચવાની છે
સંપર્ક : મો.૯૪૨૬૪ ૩૭૫૯૨

AVADH TIMES DAILY
સત્યમેવ જયતે
અવધ ટાઇમ્સ
તા.૦૩-૦૭-૨૦૨૪ બુધવાર

# કોહલી, રોહિત અને રવીન્દ્ર જાડેજા ગૌરવપૂર્ણ ટી-ટ્વેન્ટી નિવૃત્તિ માટે દેશને સદાય યાદ રહેશે

દેશ પોતાના વિજયંત ક્રિકેટવીરોની પ્રતિક્ષા કરે છે. બાર્બાડોસમાં ઝંઝાવાતી હવામાનને કારણે ટીમ ઈન્ડિયા ફરજિયાત ત્યાં અટકી ગઈ છે. અનેક ફ્લાઈટ કેન્સલ થઈ છે. ભારતે બાર્બાડોસમાં દક્ષિણ આફ્રિકાની ક્રિકેટ ટીમને ટી૨૦ વર્લ્ડ કપ જીત્યો પછી ભારતીય ક્રિકેટ ટીમના ત્રણ દિગ્ગજ ખેલાડીઓએ ટી૨૦ ઈન્ટરનેશનલ ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી દીધી. ભારતે બીજી વખત ટી ૨૦ વર્લ્ડ કપ જીત્યો પછી કેપ્ટન રોહિત શર્મા અને વિરાટ કોહલીએ શનિવારે નિવૃત્તિની જાહેરાત કરી હતી. રવિવારે જાડેજા પણ આ બંને ક્રિકેટરો સાથે જોડાઈ ગયો અને તેણે ઈન્ટરનેશનલ ટી ૨૦ ક્રિકેટને અલવિદા કહી દીધું છે.

આ ત્રણ ધુરંધરો પૈકી સૌથી પહેલાં વિરાટ કોહલીએ ઈન્ટરનેશનલ ટી ૨૦માંથી નિવૃત્તિની જાહેરાત કરી દીધી. ફાઈનલમાં પ્લેયર ઓફ ધ મેચ પસંદ થયા બાદ વિરાટ કોહલીએ પ્રેઝન્ટેશન વખતે એલાન કરી દીધું કે, આ મારો છેલ્લો ટી ૨૦ વર્લ્ડ કપ હતો અને ભારત પણ આ મારી છેલ્લી ટી ૨૦ મેચ હતી. વિરાટની જાહેરાતના એકાદ કલાક પછી કેપ્ટન રોહિત શર્માએ પણ ટી૨૦ ઈન્ટરનેશનલમાંથી નિવૃત્તિની જાહેરાત કરી નાખી. પ્રેઝન્ટેશન સેરેમની પતી પછી રોહિત શર્માએ પ્રેસ કોન્ફરન્સમાં ઈન્ટરનેશનલ ટી૨૦ ફોર્મેટમાંથી સંન્યાસની જાહેરાત કરતાં કહ્યું કે, આ મારી પણ છેલ્લી મેચ છે અને ઈન્ટરનેશનલ ટી ૨૦ અલવિદા કહેવા માટે આનાથી વધુ સારો સમય બીજો કોઈ હોઈ શકે નહીં. આ બંને દિગ્ગજોની જાહેરાત પછી બીજા દિવસે રવીન્દ્ર જાડેજાએ પણ ટી ૨૦ ઈન્ટરનેશનલ ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી નાખી.

વિરાટ કોહલી, રોહિત શર્મા અને રવીન્દ્ર જાડેજા ત્રણેયે એક સાથે નિવૃત્તિની જાહેરાત કરીને ક્રિકેટ ચાહકોને નાનકું સરપ્રાઈઝ આપી દીધું એમ કહી શકાય કેમ કે ભારતમાં કોઈ પણ ક્ષેત્રમાં લોકો ઝડપથી ખસતા જ નથી. તેમાં પણ અત્યારે તો ભારતીય ક્રિકેટ ટીમ ટોપ પર છે ને આ ત્રણેય ખેલાડી વ્યક્તિગત રીતે પણ લોકોના હીરો છે. તેના જોરે બીજા ચાર-છ મહિના આરામથી ખેંચી શકે તેમ છે પણ એવું કરવાના બદલે તેમણે ખસી જવાનું નક્કી કરીને ખરેખર બહુ શાણપણ બતાવ્યું છે. કારકિર્દીમાં સર્વોચ્ચ શિખરે પહોંચ્યા પછી નિવૃત્ત થવું બહુ અઘં હોય છે ને વિરાટ કોહલી, રોહિત શર્મા તથા રવીન્દ્ર જાડેજાએ ત્રણેયે એ અઘં કામ કરી બતાવ્યું એ બદલ તેમને સલામ મારવી જોઈએ. વિરાટ કોહલી, રોહિત શર્મા તથા રવીન્દ્ર જાડેજા ત્રણેયે સમયસર લોકોની નજરમાં હીરો છે ત્યારે જ નિવૃત્તિની જાહેરાત કરીને પોતાની કારકિર્દીને વધારે યશસ્વી બનાવી દીધી છે એમ કહી શકાય.

વિરાટ કોહલી, રોહિત શર્મા તથા રવીન્દ્ર જાડેજાએ પોતપોતાની ઈન્ટરનેશનલ ક્રિકેટ કારકિર્દીમાં પોતાનાથી શક્ય હતો એવો શ્રેષ્ઠ દેખાવ કરી લીધો અને હવે આનાથી બહેતર દેખાવ કરી શકે તેમ નથી. રોહિત શર્માએ ઈન્ટરનેશનલ કરિયરમાં ૧૫૯ મેચોની ૧૫૧ ઈનિંગમાં ૩૧.૩૪ની એવરેજ અને ૧૪૦.૮૯ની સ્ટ્રાઈક રેટથી ૪૨૩૧ રન બનાવ્યા છે કે જેમાં ૫ સદી અને ૩૨ અડધી સદી છે. ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪માં રોહિત શર્મા સૌથી વધુ રન ફટકારવામાં બીજા નંબરે છે. રોહિત શર્માએ ૮ મેચની ૮ ઈનિંગ્સમાં ૩૬.૭૧ની એવરેજ અને ૧૫૬.૭૧ની સ્ટ્રાઈક ૨૫૭ રન નોંધાવ્યા હતા. અફઘાનિસ્તાનના રહેમાનુલ્લાહ ગુરબાઝે ૮ મેચમાં ૨૮૧ રન બનાવ્યા હતા. રોહિતે પોતાની છેલ્લી ઈનિંગમાં ૯૨ રન બનાવ્યા હતા અને થોડાક વધારે રન કર્યા હોત તો ટોપ પર હોત.

રોહિત શર્મા ટી ૨૦ ઈન્ટરનેશનલ ક્રિકેટના ફોર્મેટમાં સૌથી વધુ રન બનાવનાર બેટ્સમેન છે અને ગ્લેન મેક્સવેલ સાથે સૌથી સદી ફટકારવામાં ટોપ પર છે. બેટ્સમેન તરીકે હવે રોહિત શર્મા વધારે કંઈ કરી શકે તેમ નથી. એક ખેલાડી તરીકે રોહિત શર્મા ૨૦૦૭ની મહેન્દ્રસિંહ ધોનીના નેતૃત્વમાં વર્લ્ડકપ જીતનારી ભારતીય ટીમનો સભ્ય હતો ને બે વર્લ્ડકપ જીતનાર ટીમના સભ્ય હોવું બહુ મોટા ગૌરવની વાત છે. 'કેપ્ટન તરીકે પણ રોહિત શર્માનો રેકોર્ડ છે. કપિલ દેવ (૧૯૮૩) અને મહેન્દ્રસિંહ ધોની (૨૦૦૭ અને ૨૦૧૧) પછી રોહિત શર્મા ભારતનો વર્લ્ડ કપ જીતનારો ત્રીજો ભારતીય કેપ્ટન બન્યો છે. ઈન્ટરનેશનલ ક્રિકેટમાં ૫૦ ટી ૨૦ મેચ જીતનારો પ્રથમ કેપ્ટન છે. આ વખતે રોહિત શર્માની કેપ્ટન્સીમાં ભારતે એક પણ મેચ હાર્યા વિના વર્લ્ડકપ જીતનારી સૌપ્રથમ ટીમ બનવાનું ગૌરવ છે અને કેપ્ટન તરીકે રોહિત શર્માએ ભારતના ૧૧ વર્ષ જૂના આઈસીસી ટ્રોફીના દુકાળનો પણ અંત આણ્યો છે.

વિરાટ કોહલીની ઈન્ટરનેશનલ ટી ૨૦ ક્રિકેટ કારકિર્દી પણ યશસ્વી છે. વિરાટે ૧૨૫ મેચની ૧૧૭ ઈનિંગ્સમાં ૪૮.૬૯ની એવરેજ સાથે ૪૧૮૮ રન બનાવ્યા છે કે જેમાં એક સદી અને ૩૮ અડધી સદી છે. વિરાટ ટી ૨૦માં સર્વશ્રેષ્ઠ સ્કોર અણનમ ૧૨૨ રન હતો. વિરાટ કોહલી ૩૧ વખત અણનમ રહ્યો છે અને તેણે ૩૬૯ ફોર અને ૧૨૪ સિક્સર ફટકારી છે. ભારતીય ટીમે ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪ની ફાઈનલમાં દક્ષિણ આફ્રિકાને હરાવ્યું તેમાં વિરાટ કોહલીએ ટીમ માટે ૭૬ રનની મહત્ત્વપૂર્ણ ઈનિંગ રમી હતી અને પ્લેયર ઓફ ધ બન્યો હતો.

રવીન્દ્ર જાડેજાની કારકિર્દી પણ સારી જ છે. જાડેજાએ ભારત માટે ૭૪ ટી ૨૦ આંતરરાષ્ટ્રીય મેચ રમી છે કે જેમાં ૫૧૫ રન બનાવ્યા અને ૫૪ વિકેટ લીધી. સ્પિન-બોલિંગ ઓલરાઉન્ડર તરીકે જાડેજા લાંબા સમયથી ભારતીય ટીમમાં છે. ફેબ્રુઆરી ૨૦૦૯માં શ્રીલંકા વિરુદ્ધ પહેલી મેચ રમનારા જાડેજાનું શ્રેષ્ઠ પ્રદર્શન ૨૦૨૨ ઈંગ્લેન્ડ સામે હતું કે જ્યાં તેણે ૨૯ બોલમાં ૪૬ રન બનાવ્યા હતા. ભારતીય ટીમે આ મેચ ૪૯ રને જીતી લીધી હતી. બોલિંગમાં તેનું શ્રેષ્ઠ બોલિંગ પ્રદર્શન ૨૦૨૧ ટી ૨૦ વર્લ્ડ કપમાં સ્કોટલેન્ડ સામે હતું કે જ્યાં તેણે દુબઈમાં ૧૫ રનમાં ૩ વિકેટ લીધી હતી. જાડેજા છ ટી ૨૦ વર્લ્ડ રમ્યા છે. વર્લ્ડ કપ ૨૦૨૪માં રવીન્દ્ર જાડેજાએ ૫ ઈનિંગ્સમાં ૨૨ બોલમાં ૩૫ રન બનાવ્યા અને ૧૪ ઓવર નાખીને ૧ વિકેટ લીધી. રવીન્દ્ર જાડેજા એવા કેટલાક ક્રિકેટરોમાંથી એક છે, જેઓ છેલ્લા કેટલાક સમયથી ત્રણેય ફોર્મેટમાં ભારતની ટીમમાં હતા અને હજુ ટેસ્ટ અને વનડે તો રમશે જ.

'વિરાટ કોહલી, રોહિત શર્મા રવીન્દ્ર જાડેજા એ ત્રણેય ક્રિકેટરો છેલ્લા કેટલાક સમયથી ટીમ ઈન્ડિયા માટે બોજ બનતા જાય છે એવી ટીકા થતી હતી. રોહિત અસાતત્યપૂર્ણ બેટિંગ કરે છે જ્યારે વિરાટ ટી ૨૦ માટે જરૂરી ઝડપે રમી શકતો નથી એવી ટીકાઓ થતી. જાડેજા મેચ વિનર બોલર કે બેટ્સમેન નથી એવું કહેવાતું. જાડેજાના વિકલ્પરૂપે અક્ષર તૈયાર છે જ્યારે રોહિત અને વિરાટના વિકલ્પ તરીકે તો બહુ બધા બેટ્સમેન છે તેથી તેમની ખોટ નહીં સાલે પણ વિરાટ કોહલી, રોહિત શર્મા તથા રવીન્દ્ર જાડેજા ત્રણેય ગૌરવપૂર્ણ રીતે નિવૃત્તિ લેનારા ક્રિકેટરો તરીકે હંમેશાં યાદ રહેશે.

## રીક્ષા ચલાવવા પ્રશ્ને જુના મનદુખના કારણે
# રાજુલાના ચોત્રા ગામે બે ભાઈ અને ભાણેજ ઉપર હુમલો
### કુહાડા પાઈપ ધોકા વડે મારમારી ધમકી આપ્યાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર)

રાજુલા તાલુકાના ચોત્રા ગામે તા.૧-૭ ના બપોરના અનકભાઈ જીણાભાઈ લૈયા ઉ.વ.૩૮ ના માસીયાઈભાઈ બાવકુભાઈ બાલુભાઈ વરૂ છએક મહિના પહેલા મરણ ગયેલ હોય. તે પહેલા અનકભાઈ સાથે જ રહી ભારરીક્ષા ચલાવતા હોય. તેમને પ્રતાપ બોરીચા, જયરાજ ભુરાભાઈ સાથે રીક્ષા ચલાવવા પ્રશ્ને માથાકુટ થતી હોય. જે મનદુખ રાખી પ્રતાપ બોરીચા, જયરાજ ભુરાભાઈ, ઘુસા સુખાભાઈ, ભુરા સુખાભાઈ, હકુ સુખાભાઈએ અનકભાઈ તથા તેના મોટાભાઈ અને ભાણેજને કુહાડા પાઈપ અને ધોકા વડે મુંઢમાર મારી મોટાભાઈને પગમા ફેકચર કરી ધમકી આપ્યાની રાજુલા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# ધારી નજીક ફાચરીયામાં ઉંચા વ્યાજે નાણા આપી પઠાણી ઉઘરાણી કરી
## બે શખ્સોએ પઠાણી ઉઘરાણી કરી ધમકી આપ્યાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) ધારી તાલુકાના ફાચરીયા ગામે રહેતા રજનીકાંત કાંતીલાલ બોસમીયા ઉ.વ. ૪૯ એ ખાંભા તાલુકાના જામકા ગામના હેમેન્દ્ર જીલુભાઈ કોટીલા પાસેથી ઉંચા વ્યાજે વગર લાયસન્સે નાણા ધીરધાર કરી ધારીના ગણેશ ટ્રાવેલ્સવાળા રાજુવાળાએ પોતાનો સમાન ઈરાદો પાર પાડવા પૈસાની પઠાણી ઉઘરાણી કરી ગાળો બોલી ધમકી આપ્યાની ધારી પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## ઘર પાસે હોર્ન મારવા પ્રશ્ને
# રાજુલાના ગાંજાવદર ગામે બે જુથ વચ્ચે મારામારી
### ઢીકાપાટું વડે મારમારી ધમકી આપ્યાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર)

રાજુલા તાલુકાના ગાંજાવદર ગામે ઉકીયા ગામના જીતુભાઈ સવજીભાઈ પરમાર ઉ.વ.૩૦ ઉટીયાથી કુંડલીયાળા જતા હોય ત્યારે પ્રવિણ ભાણાભાઈ, ભાણા મેઘાભાઈ, કૈલાસબેન પ્રવિણભાઈ, ધાનીબેન ભાણાભાઈ રહે. ગાંજાવદરવાળાએ ઘર પાસે કેમ હોર્ન વગાડે છે. તેમ કહી ગાળો બોલી ઢીકાપાટું વડે મારમારી ધમકી આપ્યાની ડુંગર પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. જયારે સામાપક્ષે જીતુ સવજીભાઈ પરમારે પ્રવિણભાઈના ઘર પાસેથી ગાડી લઈ નીકળતા પત્નિ તથા બાળકો ઘરે હોય અવાર નવાર હોર્ન વગડતા ઠપકો આપતા સારૂ નહી લાગતા પત્નિ કૈલાસબેન, બહેન જયાબેન, નાનાભાઈના પત્નિ ભાવનાબેન સાથે માથાકુટ કરી જયાબેનને ઢીકાપાટું વડે મારમારી ગાળો બોલી ધમકી આપ્યાની પ્રવિણભાઈ ભાણાભાઈ ચૌહાણે ડુંગર પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# અમરેલી જીલ્લામાં બે સ્થળે એલસીબી ટીમોએ ઈંગ્લીશ દારૂના દરોડા પાડયા
## બે શખ્સોને ૨૩ બોટલ ઈંગ્લીશ દારૂ રૂ/.૮૦૧૨ ના મુદામાલ સાથે ઝડપી પાડયા

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર)

લાઠીના ચાવંડ કલ્યાણધામ બસસ્ટેન્ડ પાસે અમરેલી એલસીબીના હે. કોન્સ. મનીષભાઈ જાનીએ બાબરાના રૂપેશ તળશીભાઈ કાવઠીયાને ૧૨ બોટલ ઈંગ્લીશ દારૂ રૂ/.૪૨૭૨ તેમજ બગસરામાં એલસીબી પો.કોન્સ. ઉદયભાઈ મેણીયાએ અક્ષયરાજ ઉર્ફે દુદી દેવેન્દ્રભાઈ ઉર્ફે, બટુકભાઈ ધાધલને ૧૧ બોટલ ઈંગ્લીશ દારૂ રૂ/.૩૭૪૦ના મુદામાલ સાથે ઝડપી પાડયા હતા.

# ધારીના માણાવાવ સીમમાં પરીણીતાએ ઝેરી દવા પીધી
### પ્રથમ ચલાલા અને વધુ સારવાર માટે અમરેલી દવાખાને ખસેડાઇ

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર)

ધારી તાલુકાના માણાવાવ ગામે જોરૂબાપુની વાડીમાં કામ કરતા એમપીના શ્રમિક પરીવારની મુસ્કાનબેન શેલુભાઈ મહીડા ઉ.વ.૧૯ ને પતિ સેલુ રોટલી બનાવતા હોય. જેથી તેની સાથે રોટલી બનાવવા પ્રશ્ને બોલાચાલી થતા સારૂ નહી લાગતા મુસ્કાનબેને ખડમાં છાંટવાની ઝેરી દવા પી જતા પ્રથમ ચલાલા અને વધુ સારવાર માટે અમરેલી દવાખાને ખસેડવામાં આવેલ.

# ધારીના ગીગાસણમાં પ્રૌઢાએ ઝેરી દવા પીધી
### ઝેરી દવા પી જતાં પ્રૌઢાને સારવાર માટે દવાખાને ખસેડાઇ

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર)

ધારી તાલુકાના ગીગાસણ ગામે રહેતી સુનિતાબેન હિંમતભાઈ વાઘેલા ઉ.વ.૪૦ ને કોરોના થઈ ગયેલ હતો. સારવાર બાદ અવાર નવાર માથાનો દુખાવો રહેતો હોય. જેથી કંટાળી જીંદગી જીવવા કરતા મરી જવું સારૂ તેવું મનમાં લાગી આવતા પોતે પોતાની મેળે ઘરે રૂમમાં પડેલ ખડમા નાખવાની ઝેરી દવા પી જતા સારવાર માટે દવાખાને ખસેડાયેલ છે.

# અમરેલીના સાજીયાવદરમાં છુટાછેડા થઈ જતા યુવતિએ એસીડ પી લીધુ
### એસીડ પી લેતાં સારવાર માટે યુવતિને દવાખાને ખસેડાઇ

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) અમરેલી તાલુકાના સાજીયાવદર ગામની મનિષાબેન જયંતિભાઈ પરમાર ઉ.વ.૨૩ ના લગ્ન બાદ દોઢ વર્ષથી છુટાછેડા થઈ જતા પોતાના માવતરના ઘરે હોય. જેથી જીંદગીથી કંટાળી જઈ આવેશમાં આવી એસીડ પી જતા સારવાર માટે દવાખાને ખસેડવામાં આવી છે.

# જિલ્લા રોજગાર કચેરી દ્વારા રોજગાર ભરતી મેળાનું આયોજન

અમરેલી, અમરેલી જિલ્લા રોજગાર દ્વારા અમરેલી જિલ્લાના યુવાનો માટે તા.૬ જુલાઈ, ૨૦૨૪ને શનિવારના રોજ ભરતી મેળો યોજાશે. લાઠીના આઈ.ટી.આઈ. કેમ્પસ ખાતે રોજગાર ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું હોય યુવાનો અનુબંધમ પોર્ટલના માધ્યમથી નોંધણી કરાવી ભાગ લઈ શકશે. યુવા અને ઉત્સાહી પુરુષ રોજગાર ઈચ્છુકોને રોજગારીનો ઉમદા અવસર પ્રાપ્ત થાય તેવા હેતુસર ખાનગી ક્ષેત્રના અગ્રગણ્ય જય જલારામ પ્રેસિજ કમ્પોનેનેંટ એલ.એલ.પી. રાજકોટ માટે ૧૮ થી ૪૫ વર્ષની વયમર્યાદા અને ખાલી જગ્યાઓને અનુરુપ આઈ.ટી.આઈ. ઈન ફિટર, ડિપ્લોમા બેચલર ઓફ એન્જિનિયરિંગની તકનીકી-શૈક્ષણિક લાયકાત ધરાવનાર માટે પુરુષ રોજગાર ઈચ્છકો માટે અનુબંધમ વેબ પોર્ટલના ડિજિટલ માધ્યમથી ભરતી મેળાનું આયોજન તા.૬ જુલાઈ, ૨૦૨૪ના રોજ સવારે ૧૧ કલાકે ઔદ્યોગિક તાલીમ સંસ્થા કેમ્પસ) દુધાળા રોડ, લાઠી ખાતે કરવામાં આવ્યું છે. આ ભરતી મેળામાં આધાર કાર્ડ તેમજ શૈક્ષણિક લાયકાતના તમામ દસ્તાવેજો સાથે અનુબંધમ પોર્ટલ પર જોબ સિકર તરીકે નોંધણી કરાવવી ફરજિયાત છે. અનુબંધમ વેબ પોર્ટલ પર જોબ સિકર માટેની રજિસ્ટ્રેશન લીંક https&//anubandham.gujarat.gov.in/account/signup પરથી નોંધણી કરવાની રહેશે. તેમ અમરેલી જિલ્લા રોજગાર અધિકારી (સા.)એ યાદીમાં જણાવ્યું છે

# મહુવાના વણિક પરિવારે ૧૨ ગામના સરપંચોનું સન્માન કર્યુ
## કોલેજની કન્યાઓને ૫૨ લાખની શિષ્યવૃતિ આપી : ૧૫ મેટાડોર મુકયા




રાજુલા,

અમરેલી જિલ્લા લોકસભા સાથે સંકળાયેલા મહુવા તાલુકામાં વણિક પરિવારે ભગીરથ કાર્ય કર્યું છે. લોક કલ્યાણના ના હિમાતી શ્રી ત્રિવેણીમાં ગાંધી શેરી ટેબલ ટ્રસ્ટ મોભી જગદીશભાઈ મહેતાનું ૧૨ ગામના સરપંચશોએ સન્માન કર્યું ટ્રસ્ટ દ્વારા કોલેજની કન્યા ને ૫૨ લાખની શિષ્યવૃત્તિ આપી વધુ અભ્યાસ કન્યાઓ અભ્યાસ ન છોડે તે ગામડાથી મહુવા જવા માટે ૧૫ મેટાડોર મૂક્યા મૂળ મહુવા અને ત્યારબાદ મુંબઈ નિવાસી મુંબઈના દાનવીર લોક કલ્યાણ ના હિમાયતી શ્રી ત્રિવેણી માં ગાંધી શેરી ટેબલ ટ્રસ્ટના જગદીશભાઈ ગાંધીનું મહુવાના દુધેરી ગામે સાત ગામ સરપંચો તથા વાલીઓ દ્વારા ભવ્ય સન્માન કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો આવા જગદીશભાઈ મહેતાએ વર્ષે રાજુલામાં પણ કોલેજમાં અભ્યાસ કરતી આર્થિક રીતે નબળી હોય અને અભ્યાસ કરવામાં માં મુશ્કેલી હોય એવી બાળાઓ માટે શિષ્યવૃત્તિ આપવાનું પણ નક્કી કરવાનું જણાવ્યું હતુ રાજુલાના ટ્રસ્ટી શ્રી ગૌરાંગભાઈ મહેતા વિશ્વ હિન્દુ પરિષદના પ્રમુખ યુવરાજભાઈ તથા ઘનશ્યામભાઈ તથા કનુભાઈ તથા મહુવા જેસર મુંબઈ સાઈટના મહાનુભાવો અને સરપંચો ખાસ રહ્યા હતા કાર્યક્રમનું સંચાલન સરપંચ ભરતભાઈ કર્યું હતું.

## શાળા પ્રવેશોત્સવ-કન્યા કેળવણી મહોત્વ અંતર્ગત
# અમરેલી બહારપરા કન્યા શાળામાં પ્રવોશોત્સવ યોજાયો
## બાલિકાઓને હરખભેર પ્રવેશ અપાયો : વિવિધ આગેવાનોની ઉપસ્થિતિ



અમરેલી,

નગરપાલિકા બહારપરા કન્યાશાળા અમરેલી પ્રવેશોત્સવ કન્યાકેળવણી વિષે વિસ્તૃત છણાવટ કરતા નિવૃત કે.નિ.શિક્ષણ મહેન્દ્રભાઈ જોષી સાથે અમરેલી શહેર ભાજપ પ્રમુખશ્રી ભાવેશભાઈ સોઢા નગર પાલિકા કન્યાશાળા અમરેલી પ્રવેશોત્સવ કન્યાકેળવણી વિષે વિસ્તૃત છણાવટ કરતા નિવૃત કે.નિ.શિક્ષણ મહેન્દ્રભાઈ જોષી સાથે અમરેલી શહેર ભાજપ પ્રમુખશ્રી ભાવેશભાઈ સોઢા આ વખતથી કન્યા કેળવણી પ્રવેશોત્સવ કાર્યક્રમમાં નિવૃત્ત કેળવણી નિરીક્ષકશ્રી ઓને સામેલ કરી શિક્ષણમા તેમના અનુભવનો લાભ લેવાની પહેલ કરનાર નગરપાલિકાના ઝચૂટાયેલ અને હોનહાર યુવાન ઉત્સાહી યુવાન શિક્ષણ સમિતીના આદરણીય ચેરમેનશ્રી જોષીને સર્વત્ર આવકાર પ્રશંસા થઈ રહી છે. વકતાશ્રીઓ એ શાળાના આચાર્ય શ્રી નિતિનભાઈ રાઠોડ સમગ્રસ્ટાફની શૈક્ષણિક કાર્ય કરવાના ઉત્સાહની ભારે પ્રશંસા કરી. ઉપસ્થિત વિશાળ સંખ્યાના વાલીઓએ પોતાના સંતાનોને અપાતા શૈક્ષણિક કાર્ય માટે સંતોષ વ્યક્ત કર્યો. વિદ્યાર્થીનીઓને નગરશિક્ષણ સમિતિ, શિક્ષકો તરફથી, સરકારશ્રી તરફથી પ્રોતાહિત ભેટનુ વિતરણ કર્યુ.

# અમરેલી દિપક હાઈસ્કુલમાં કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવની ઉજવણી કરાઇ
## સ્માર્ટ બોર્ડનું લોકાર્પણ : શિક્ષકોને લેપટોપ વિતરણ : વૃક્ષારોપણ કરાયું

અમરેલી, અમરેલી સ્વામિવિવેકાનંદ વિદ્યાભારતી ટ્રસ્ટ રૂપાયતન સંચાલિત દિપક હાઈસ્કુલમાં તા.૨૭ જુન ગુરૂવારના ધો૯ અને ૧૧ ના વિદ્યાર્થી ભાઈબહેનોને આવકારવાનો કાર્યક્રમ ઉમંગભેર સંપન્ન થયેલ. આ પ્રસંગે અમરેલી પાલિકાના પ્રમુખ બીપીનભાઈ લીંબાણીના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. નગર શિક્ષણ સમિતિના ચેરમેન તુષારભાઈ જોશી, શાશનાધિકારી આશિષભાઈ જોશી, સીઆરસી રજનીભાઈ સોલંકી, સંસ્થાના મે.ટ્રસ્ટી રવજીભાઈ કાચા, આચોર્ય ડો. અમીતભાઈ ઉપાધ્યાયના વરદ હસ્તે દિપ પ્રાગટય કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીની બહેનોએ મનુષ્ય ગૌરવગાન દ્વારા સર્વને સંબોધિત કર્યા હતા. નવા આવેલા વિદ્યાર્થી ભાઈબહેનોને પ્રતિકાત્મક રીતે સ્કુલબેગ, પુસ્તકો, અને બોલપેન આપી કુંમકુંમ તીલક અને ચોકલેટ આપી સ્વાગત કરવામાં આવ્યું હતુ. ગતવર્ષે શાળામાં ઉતમ કામ કરનાર વિદ્યાર્થી ભાઈબહેનોને અભિવાદિત કરવામાં આવ્યા હતા. આ તકે સામાજીક વિષયો સાથે મંડોરા શિવાનીબેન, નાઢા કિષ્નાબેન, મકવાણા કવનભાઈ, વાળોદરા, ઋત્વિકભાઈ દ્વારા વકતવ્ય આપવામાં આવ્યું હતુ. ઉપસ્થિત મહેમાનોએ બાળકોને પ્રોત્સાહક વાતો કરી ઉત્તમ કારકીર્દી બનાવવા પ્રેરણા આપી હતી. સરકારશ્રી દ્વારા તમામ વર્ગખંડોમાં આપવામાં આવેલ આધુનિક સ્માર્ટબોર્ડનું લોકાપર્ણ તેમજ શિક્ષકોને લેપટોપ આપીને વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

# ગ્રહોની ચાલ



રોહિત જીવાણી ૯૪૨૬૪૭૧૪૭૦

## આજનું પંચાગ

તા ૩.૭.૨૦૨૪ બુધવાર, સંવંત ૨૦૮૦ જેઠ વદ બારસ, રોહિણી નક્ષત્ર, શૂલ યોગ, ગર કરણ આજે જન્મેલાંની ચંદ્રરાશિ વૃષભ (બ,વ,ઉ) રહેશે.

મેષ (અ,લ,ઈ) : જીવનમાં યોગ્ય વિચારપધ્ધતિથી આગળ વધી શકો, તમારા યોગ્ય વાણી વર્તનથી લાભ મેળવી શકો, પ્રગતિકારક દિવસ રહે.
વૃષભ (બ,વ,ઉ) : તમારા વ્યક્તિત્વનો વિકાસ થાય, યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય, તમારા પ્રતિભાવ અને કાર્યની સરાહના થાય.
મિથુન (ક,છ,ઘ) : વાદ વિવાદ થી દૂર રહેવું, જામીનગીરી ના કરવા સલાહ છે. અન્ય માટે વિશેષ દોડધામ રહે, મધ્યમ દિવસ.
કર્ક (ડ,હ) : સગા સ્નેહી મિત્રો થી સારું રહે, આગળ વધવાની તક પ્રાપ્ત થાય, કેટલીક બાબતોને ઊંડાણપૂર્વક સમજી શકશો.
સિંહ (મ,ટ) : વેપારીવર્ગ ને સારું રહે, નવી દિશાઓ ખુલતી જણાય, પ્રગતિ થાય, નોકરિયાતવર્ગ માટે પણ પ્રગતિકારક સમય.
કન્યા (પ,ઠ,ણ) : ધ્યાન યોગ મૌન થી લાભ થાય, દાન ધર્મ કરી શકો, આધ્યાતિમ્ક ચિંતન થાય, શુભ દિન.
તુલા (ર,ત) : દૂર દેશ થી સારા સમાચાર મળે, લાગણી ની વાત વ્યક્ત કરી શકો, સારો પ્રતિભાવ પ્રાપ્ત કરી શકો, દિવસ આનંદદાયક રહે.
વૃશ્ચિક (ન,ય) : દામ્પત્યજીવનમાં સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો, ટીમવર્કથી સારું પરિણામ મેળવી શકો.
ધન (ધ,ભ,ફ,ઢ) : તબિયતની કાળજી લેવી, ખાવા પીવામાં ધ્યાન રાખવું, લાઈફસ્ટાઈલમાં ફેરફાર કરવા પડે, મધ્યમ દિવસ.
મકર (ખ,જ) : પ્રણયમાર્ગે આગળ વધી શકો, ગમતી વ્યક્તિથી મુલાકાત થાય, વિશેષ પ્રતિભા કેળવી શકો.
કુંભ (ગ,સ,શ) : કોર્ટ કચેરી માં રાહત થાય, અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો, નવી ઓળખાણોની મદદ થી કાર્ય સિદ્ધ થાય, પ્રગતિકારક દિવસ રહે.
મીન (દ,ચ,ઝ,થ) : સાહસ થી સિદ્ધિ પ્રાપ્ત થાય, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો, તમારું કૌશલ્ય દેખાડી શકો અને આગળ વધી શકો.

# ડેડાણમાં ત્રણ ઇંચ વરસાદ



ડેડાણ, (બહાદુરઅલી હિરાણી)

ડેડાણમાં આખો દિવસ વરસાદ વરસતા રાત્રીના ૧૨ વાગ્યા સુધીમાં જળબંબાકાર જેવું વાતાવરણ સર્જાયુ હતું. અંદાજે ત્રણ ઈંચ વરસાદ પડતાં ગામમાં પાણી પાણી થઈ ગયું હતું અને અસુકનદીમાં પુર જેવો માહોલ જોવા મળ્યો હતો. અને ખેડૂતોમાં આનંદ વ્યાપી ગયો હતો.

# ધારીના સરસીયામાં પ્રવેશોત્સવ યોજાયો



ધારી, (ઉદય ચોલેરા) ધારી તાલુકા ના સરસીયા ગામ ખાતે ગુજરાત રાજય કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ ૨૦૨૪-૨૫ અંતર્ગત બાળવાટિકા અને ધો.૧ પ્રવેશપાત્ર બાળકોનો ઉમળકા સાથે શાળા પ્રવેશ કરાવી, સર્વેને શિક્ષણ સામગ્રી વિતરણ કરી જે પ્રસંગે ગુજરાત રાજય શિક્ષણમંત્રી પ્રફુલભાઈ પાનસેરિયા, સુરત થી જીતુભાઈ શેલડીયા, તાલુકા અને જિલ્લા શિક્ષણ અધિકારી ઓ ધારી તાલુકા ભાજપ પ્રમુખ જીતુભાઈ જોશી અને પૂર્વ પ્રમુખ અતુલભાઈ કાનાણી એસએમસી અધ્યક્ષ રોહિતભાઈ શેલડીયા યુવા આગેવાન અશોકભાઈ શેલડિયા અન્ય ગામ ના આગેવાનો સરપંચ ઉપસરપંચ વિદ્યાર્થી ઓ વાલીઓ તેમજ શિક્ષકગણ ઉપસ્થિત રહ્યો હતો બાળકોને મોઢું મીઠું કરાવી તિલક ચાંદલો કરી પ્રોત્સાહિત ગિફ્ટ આપી આવકાર્યા હતા.

# સૌરાષ્ટ્રના માર્કેટ યાર્ડના બજાર ભાવો
## કપાસ ૭૯૦ થી ૧૫૧૭ મગફળી ૯૯૦ થી ૧૨૦૧

**અમરેલી માર્કેટ યાર્ડ**
શિંગમઠડી-૧૦૮૪-૧૧૬૨
શિંગમોટી-૯૯૦-૧૨૦૧
મગ-
તલસફેદ-૨૨૨૨-૨૫૨૨
તલકાળા-૨૪૯૦-૩૧૦૦
એરંડા-૧૦૫૦-૧૦૫૦
ઘઉંટુકડા-૪૮૦-૫૮૫
ઘઉંલોકવન-૪૮૯-૫૪૩
રાયડો-
ચણા-૧૦૫૫-૧૨૭૬
કપાસ-૭૯૦-૧૫૧૭
જુવાર-
જીરૂ-૪૬૫૦-૫૪૦૦
ધાણા-૯૦૦-૧૨૭૫
સોયાબીન-૬૨૦-૮૫૧
તુવેર-૧૮૩૦-૧૯૫૬
રજકાનુંબી-૩૯૬૦-૪૭૬૦

**અમરેલી માર્કેટયાર્ડ**
બટેટા-૩૫૦-૫૫૦
રીંગણા-૧૨૦-૨૨૦
ફલાવર-૭૦૦-૯૦૦
કોબીઝ-૪૦૦-૬૦૦
ટમેટાં-૮૦૦-૧૨૦૦
ફોદીનો-૫૦૦-૭૦૦
ગાજર-૪૦૦-૫૦૦
ગલકા-૨૦૦-૩૦૦
કાકડી-૪૦૦-૫૦૦
ગુવાર-૧૦૦૦-૧૪૦૦
દુધી-૧૦૦-૧૫૦
તુરીયા-૯૦૦-૧૦૦૦
ભીડો-૬૦૦-૮૫૦
આદુ-૧૫૦૦-૧૭૦૦
કોથમીર-૧૫૦૦-૧૭૦૦
મેથીભાજી-૧૨૦૦-૧૪૦૦
ટીંડોરા-૧૦૦૦-૧૧૫૦
લીમડોમીઠો-૧૩૦-૧૬૦
મરચાલીલા-૮૦૦-૧૦૦૦
લસણસુકું-૨૦૦૦-૫૫૦૦
લીંબુ-૭૦૦-૯૦૦
પાલક-૭૦૦-૯૦૦

**રાજુલાયાર્ડ**
બાજરો-૪૪૦-૫૦૫
જુવાર-૫૦૦-૮૯૩
ઘઉં-૪૧૯-૫૬૯
તુવેર-૧૮૭૫-૧૮૭૫
ચણા-૧૦૩૦-૧૨૩૦
તલસફેદ-૨૧૫૦-૨૫૫૦
શીંગદાણા-૧૬૫૦-૧૯૦૨
એરંડી-
કપાસ-૯૦૧-૧૪૫૧
શીંગ-૧૦૬૦-૧૦૬૦
અજમા-૨૧૦૦-૨૧૦૦

**મહુવાયાર્ડ**
ઘઉં-૪૬૦-૫૧૧
ડુંગળીલાલ-૧૧૫-૫૭૭
ડુંગળીસફદે-૨૦૦-૩૦૩
તલસફેદ-૧૩૦૧-૨૫૩૬
તલકાળા-૨૪૩૦-૨૬૯૮
સોયાબીન-૮૪૬-૮૪૭
ચણા-૪૫૧-૧૨૮૧
નાળીયેર-૫૧૪-૧૫૬૧
મેથી-૯૯૯-૯૯૯
બાજરી-૪૦૦-૪૮૩
જુવાર-૪૮૪-૯૨૮

**બાબરા**
કપાસ-૧૩૦૫-૧૫૬૫
મગ-
ચણા-
ઘઉં-૪૮૪-૫૨૬
તલસફેદ-૨૩૦૫-૨૩૫૫
જીરૂ-૪૬૬૦-૫૩૯૦
મગફળી-૧૦૮૫-૧૧૧૫
બાજરી-

**ધારી**
જુવાર-
ચણા-
મગફળી-
જીરૂ-
તલસફેદ-
ધાણા-
ઘઉં-
શીંગદાણા-
એરંડા-
સોયાબીન-

**સાવરકુંડલા માર્કેટયાર્ડ**
શીંગમોટી-૧૧૦૦-૧૧૮૬
શીંગદાણા-૧૪૦૦-૧૬૦૦
જીરૂ-૪૮૦૦-૫૫૫૨
તલસફેદ-૨૦૦૦-૨૩૭૦
કપાસ-૧૨૩૦-૧૪૭૨
ઘઉંલોકવન-૪૫૦-૫૨૮
મગ-૧૫૫૦-૧૬૦૬
ઘઉંટુકડા-૪૯૦-૫૫૮
ચણા-૧૦૦૦-૧૨૫૧
બાજરો-૪૩૦-૪૭૦
જુવાર-૪૦૦-૭૦૦
તુવેર-૨૨૦૦
એરંડી-૧૦૦૦-૧૧૦૧

**ખાંભા**
કપાસ-૧૦૮૦-૧૧૦૦
બાજરો-૪૨૦-૪૨૦
જુવારસફેદ-૮૬૧-૮૬૧
ઘઉં-૪૫૦-૪૫૦
તલસફેદ-
ચણા-૧૦૮૫-૧૨૪૦
શીંગદાણા-
ધાણા-૮૦૦-૮૦૦

**બગસરા**
જુવાર-૬૬૦-૬૬૦
કપાસ-૧૦૦૦-૧૪૨૦
ચણા-૧૦૦૫-૧૦૦૫
શીંગદાણા-૧૫૦૦-૧૬૩૫
મગ-૧૨૬૦-૧૨૬૦
મગફળી-૯૬૦-૧૦૭૦
ઘઉં-૪૮૩-૫૫૧
શીંગફાડા-૧૪૧૫-૧૪૧૫
તલસફેદ-૧૬૦૦-૨૩૨૦
બાજરો-૩૯૧-૩૯૧
સોયાબીન-૬૯૦-૬૬૦
ધાણા-

**અમરેલીફ્રુટમાર્કેટભાવ**
ચીકુ-૮૦૦-૧૨૦૦
દાડમ-૪૦૦-૧૨૦૦
મુસંબી-૮૦૦-૧૨૦૦
સંતરા-૨૨૦૦-૨૬૦૦
કીવી-૪૦૦૦-૫૫૦૦
ડ્રેગન ફ્રુટ-૧૦૦૦-૨૦૦૦
કેરી-૮૦૦-૨૬૦૦
ખારેક-૨૦૦-૨૦૦૦
કેળા-૨૮૦-૩૮૦
પોપૈયા-૬૦૦-૯૦૦
સફરજન હિમાચલ-
સ.કાશ્મીર-૨૮૦૦-૩૮૦૦

## અમરેલી આજનુ તાપમાન

| | |
|---|---|
| મહ ામ તાપમાન | ૩૧.૬ |
| ન્યુનતમ તાપમાન | ૨૩.૬ |
| ભેજનું પ્રમાણ | ૯૦ |
| પવનની ગતિ સરેરાશ- | ૮.૯ |

### રાજુલા જાફરાબાદ પંથકમાં ભારે વરસાદના કારણે

# રાજુલામાં વૃક્ષો ધરાશાયી : નેશનલ હાઇવેમાં ગાબડુ

## રાત્રીના સમયે ધોધમાર વરસાદને કારણે જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાઇ ગઇ : કાર ઉપર વૃક્ષ પડતા નુક્શાન




રાજુલા, (કનુભાઈ વરૂ) અમરેલી જિલ્લામાં રાત્રીના પડેલા વરસાદના કારણે જનજીવન અસ્ત વ્યસ્થ જોવા મળ્યું રાજુલા પંથકમાં રાત્રીના પડેલા વરસાદના કારણે સમગ્ર વિસ્તારમાં ધોધમાર વરસાદ પડ્યો હતો રાત્રીના સમયે ઈંચ જેટલો વરસાદ આ વિસ્તારમાં ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં વરસાદ ખાબકતા જળબંબાકાર થયો હતો જ્યારે રાજુલા વાવેરા રોડ ઉપર આવેલ પીપરનું મહાકાય વૃક્ષ ધરાશય થતા વાહન વ્યહાર ખોરવાયો હતો અહીં રાત્રીના ૩ વાગ્યા આસપાસ વૃક્ષ પડતા માર્ગ બંધ થતાં વહેલી સવારે રાજુલા સામાજિક વનીકરણ રેન્જ આર.એફ. ઓ. મકરાણીની ટીમ ઘટના સ્થળે વૃક્ષ હટાવવા માર્ગ ફરીવાર શરૂ કરવામાં આવ્યો હતો.જાફરાબાદના બાબરકોટ નજીક પણ એક વૃક્ષ ધરાશય થયું હતું ઉપરાંત રાજુલાના ધારાનાનેસ ગામમાં વર્ષોજૂનું વૃક્ષ ધરાશય થયું ઉપરાંત રાજુલા શહેરમાં જાફરાબાદ રોડ ઉપર પ્રેસિડેન્ટ હોટલ નજીક પડતર ગેરેજની કાર ઉપર વૃક્ષ ધરાશય થતા કારને નુકસાન પીજીવીસીએલના વિજવાયરો તૂટતા વિસ્તારમાં વીજળી ગુલ છે પીજીવીસીએલ ટીમ દ્વારા વિજકામગીરી શરૂ કરવામાં આવી છે અને તંત્ર દ્વારા વૃક્ષ હટાવવા માટેની કામગીરી શરૂ કરાઈ છે કોઈ દુર્ઘટના બની નથી જેના કારણે કોઈ વ્યકિતને ઈજાઓ થય ભાવનગર સોમનાથ નેશનલ હાઈવે ઉપર ગાબડું પડ્યું ભારે પ્રથમ વરસાદમાં રાજુલાના હિંડોરણા બ્રિજ ઉપર ધોવાણ થતા લોખંડના સળિયા દેખાય અને પડતા નબળી ગુણવત્તા નું કામ બહાર આવતા ઓથીરિટીની પોલ ખુલતા વાહન ચાલકો ઉપર અહી જોખમ વધ્યું છે હાઈવે ઉપર ખાડો પડવાના કારણે અહીં અકસ્માતની ભીતિ વધી છે અહીં હાઈવે ઉપર વરસાદના કારણે અનેક જગ્યાએ ધોવાણ થયાનું સામે આવી રહ્યું છે.

## જાફરાબાદ પીપળી કાંઠા વિસ્તારમાં લો વોલ્ટેજની સમસ્યા સર્જાતા તુરંત નવુ ટ્રાન્સફોર્મર ઉભુ કરાયું

### લો વોલ્ટેજની સમસ્યા હલ થતાં લોકોમાં ખુશી વ્યાપી



રાજુલા, (કનુભાઈ વરૂ) પીપળી કાંઠા વિસ્તારમાં ટીસી નંબર એક રામજી મંદિરની બાજુમાં લોકોની વોલ્ટેજ ડિમ બાબતની ફરિયાદના અનુસંધાને પીજીવીસીએલ તરફથી બે દિવસમાં જ નવું ટ્રાન્સફોર્મર ઊભું કરી પીજીવીસીએલના ટીસી નંબર એક ના તમામ ગ્રાહકો ની લો વોલ્ટેજ ની સમસ્યાનો હલ કરી કામગીરી પૂર્ણ કરવામાં આવેલ આ તમામ કામગીરીમાં નગરપાલિકા જાફરાબાદ તેમજ એસોસિએશનના પ્રમુખ શ્રી કનૈયાલાલ તેમજ આજુબાજુના લોકોનો ખૂબ જ સહકાર મળે છે અને લોકોએ આ સમસ્યાનો હલ થતા ખૂબ જ આનંદની લાગણી વ્યક્ત કરેલ છે તેમજ પીજીવીસીએલ જાફરાબાદ ઓફિસનો આભાર માનેલ છે

# ગુજરાત કોન્ટ્રાક્ટર એસોસીએશનનાં સભ્ય કનુભાઇ પટેલનાં પરિવારને ન્યાય આપવા આવેદન પત્ર અપાયું

## મુખ્યમંત્રી તથા ગૃહ રાજ્ય મંત્રીને સંબોધી આવેદન પત્ર પાઠવી રજુઆત




અમદાવાદ, (રાજેશ મહેતા) ગુજરાત કોન્ટ્રાકટર્સ એસોસીએશનના સ્વ.સભ્ય શ્રી કનુભાઈ પટેલે સરકારના અધિકારી-કર્મચારીના નિષ્ઠુર અને અમાનવીય વર્તનના કારણે નિર્માણ થયેલી આર્થિક તંગીની પરિસ્થિતિના કારણે તા.૧૫-૦૬-૨૦૨૪ના રોજ ગળે ફાસો ખાઈને આત્મહત્યા કરી હતી, જે સંદર્ભે તેમના પરિવાર જનોને ન્યાય અપાવવા માટે ગુજરાત કોન્ટ્રાકટર્સ એસોસીએશન દ્વારા ગાંધીનગરમાં સૌરાષ્ટ્ર કડવા પાટીદાર સેવા સમાજના હોલ ખાતે શ્રદ્ધાંજલિ સભાનું આયોજન કરવામાં આવ્યુ હતું. આ શ્રદ્ધાંજલિ સભામાં ગુજરાત કોન્ટ્રાકટર્સ એસોસીએશનના અંદાજે ૫૦૦ જેટલી મોટી સંખ્યામાં કોન્ટ્રાકટર્સ હાજર રહ્યા હતાં. આ શ્રદ્ધાંજલિસભા પૂર્ણ થયા બાદ ગુજરાત કોન્ટ્રાકટર્સ એસોસીએશનના કોન્ટ્રાકટર્સ અને સ્વ.કનુભાઈ પટેલના પરિવારજનોએ રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીને આવેદનપત્ર આપી પિડીત પરિવારને ન્યાય અપાવવા તેમજ કસુરવાર અધિકારીઓ વિરુદ્ધ કડક પગલાની કાર્યવાહી કરી સસ્પેન્ડ કરવાં માંગણી કરી હતી.

ગુજરાત કોન્ટ્રાકટર્સ એસોસીએશનના પ્રતિનિધિએ જણાવ્યુ હતુ કે, અમારા કોન્ટ્રાકટરભાઈ સ્વ.કનુભાઈ પટેલને સરકારના નિષ્ઠુર અધિકારીઓ અને કર્મચારી દ્વારા એટલી હદે કનડગત કરવામાં આવી હતી અને માનસિક ત્રાસ આપવામાં આવ્યો હતો તેમજ બીનજરૂરી ખોટી નોટીસ આપીને માનસિક ત્રાસ આપી તેમજ તેઓએ પૂર્ણ કરેલા કાર્યના લેવાના નીકળતા હકના નાણા છુટા ન થતા તેઓને આત્મહત્યા કરવી પડી હતી જે ખૂબજ દુખદ બાબત છે. ગુજરાત કોન્ટ્રાકટર્સ એસોસીએશનના તમામ સભ્યો જ્યાં સુધી કસુરવાર અધિકારીઓ વિરુદ્ધ કડક કાર્યવાહી ન થાય અને પરિવારને યોગ્ય ન્યાય ન મળી રહે ત્યાં સુધી સ્વ. શ્રી કનુભાઈ પટેલના પરિવારજનો સાથે ઉભા રહેશે. તેમ ટીમ, ગુજરાત કોન્ટ્રાકટર્સ એસોસીએશન દ્વારા જણાવાયું છે. વધુ માહિતી માટે સંપર્ક શ્રી અરવિંદભાઈ પટેલ - ૯૮૨૫૦૨૫૨૯૯ નો સંપર્ક કરવા જણાવ્યું છે.

# બગસરામાં ભાજપ દ્વારા પુષ્પાંજલી અર્પણ : વિચાર ગોષ્ઠી યોજાઇ

## શહેર તાલુકા ભાજપ દ્વારા ડો. શ્યામાપ્રસાદ મુખર્જીનાં જન્મ દિવસ નિમિતે કાર્યક્રમનું આયોજન




અમરેલી,બગસરા શહેર તાલુકા ભાજપ દ્વારા ડો.શ્યામપ્રસાદ મુખર્જીનાં જન્મદિને પુષ્પાંજલી સાથે વિચાર ગોષ્ઠી યોજાઇ હતી. આ કાર્યક્રમ માં ઉપસ્થિત ગુજરાત પ્રદેશ મહિલા મોરચા મંત્રી શ્રી ભાવનાબેન ગોંડલીયા તેમજ અમરેલી જિલ્લા ભાજપ મંત્રીશ્રી મનોજભાઈ મહિડા તેમજ બગસરા શહેર ભાજપ પ્રમુખ શ્રી ધીરૂભાઈ કોટડીયા તેમજ બગસરા તાલુકા ભાજપ પ્રમુખશ્રી પ્રદીપભાઈ તેમજ બગસરા તાલુકા પંચાયત પ્રમુખશ્રી પ્રતિનિધિ બાબુભાઈ બકરાણીયા તેમજ બગસરા શહેર તમેજ બગસરા તાલુકા મહામંત્રી શ્રી અશોકભાઈ પંડ્યા, ખોડાભાઈ સાવલિયા,પ્રકાશભાઈ પરમાર તેમજ બગસરા તાલુકા તેમજ બગસરા શહેર ભાજપ નાં હોદેદારો તેમજ મોરચા નાં પ્રમુખ તેમજ મહામંત્રી તેમજ બગસરા તાલુકા પંચાયત સદસ્યશ્રીઓ તેમજ બગસરા નગરપાલિકા નાં સદસ્યશ્રીઓ તેમજ બગસરા તાલુકા સરપંચશ્રી કાર્યક્રમ માં હાજર રહ્યાં હતા.

## ગુજરાતમાં સિઝનનો ૧૭.૮૫ તો સૌરાષ્ટ્રમાં ૨૮.૮૨ ટકા વરસાદ : આંકડા જાહેર કર્યા

(જી.એન.એસ),રાજકોટ, રાજ્યમાં વરસી રહેલા વરસાદે છેલ્લા ૨૪ કલાકમાં સૌરાષ્ટ્રમાં સાર્વત્રિક વરસાદ વરસાવ્યો છે. જેમાં જૂનાગઢ જિલ્લાના વંથલીમાં ૧૪ ઈંચ, વિસાવદરમાં ૧૩ ઈંચ જૂનાગઢ શહેરમાં ૧૨ ઈંચ જેટલો વરસાદ વરસ્યો હોવાના અહેવાલો છે. રાજ્યના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા મળેલા અહેવાલો મુજબ આજે તા. ૦૨/૦૭/૨૦૨૪ના રોજ સવારે ૬.૦૦ કલાક પુરા થતા ૨૪ કલાક દરમિયાન રાજ્યના ૧૪૩ તાલુકામાં નોંધપાત્ર વરસાદ વરસ્યો છે.

# રાજુલા વિસ્તારના પ્રશ્નોની રજુઆત કરાશે

## સાંસદશ્રી ભરતભાઇ સુતરીયાએ લોકોના પ્રશ્નો સાંભળ્યા : શ્રી રવુભાઇ ખુમાણની ઉપસ્થિતિ



રાજુલા, (કનુભાઈ વરૂ) રાજુલા વિસ્તારના ભાજપના અગ્રણી અને માજી નગરપાલિકાના પ્રમુખ એવા રવુભાઈ ખુમાણ દ્વારા આ વિસ્તારના લોકપ્રિય સાંસદ શ્રી ભરતભાઈ ને કેન્દ્રીય સરકારને લગતા પ્રશ્નો રાજુલા બસ સ્ટેન્ડ થી એક ડબ્બો મુંબઈ સુધી સાંકળી લેવો તેમજ રાજુલા ખાતે બુકિંગ ની ઓફિસ દૂર છે તેને બદલે રાજુલા રેલ્વે બસ સ્ટેશન છે તેમાં બુકિંગ ઓફિસ રાખવાથી લોકોને બે કિલોમીટર દૂર બુકિંગ કરાવવા જવું પડે નહીં તેમ જ આ વિસ્તારમાં આવેલા ઉદ્યોગો છે તેમાં ખાસ કરીને લોકલ શિક્ષિત બેરોજગારોને લેવા તેમજ કંપનીઓ દ્વારા જમીનો લઈ લીધી અને જમીનના બદલે લેટરો આપ્યા છે તેવા લોકોને ભરતી કરતા નથી અને અન્ય રાજયના લોકોને અગ્રતાથી ભરતી કરી લેશે તે અંગે પણ ધ્યાન દોર્યું રાજુલા શહેરમાં કેન્દ્ર સરકારની અંદર પોસ્ટ ઓફિસ છે તેમાં શહેરમાં પૂરતા સ્ટાફ રાજુલા શહેરમાં માત્ર એક જ ટપાલી છે અને ગ્રામ્ય વિસ્તારમાં ટપાલો જતી નથી તેવા ગામડાઓમાં નવી ભરતી સ્ટાપની ની કરવી તેમજ કેન્દ્ર સરકાર દ્વારા ઉડાન વિભાગ દ્વારા નરેન્દ્ર મોદી સરકાર દ્વારા રાજુલા માં એરોડ્રામ મંજૂર કરવામાં આવ્યું છે તેની કામગીરી પણ શરૂ કરવા માટેની જાણકારી આપી તેમજ સાવરકુંડલા થોરડી રોડ પણ નેશનલ ઓથોરિટી દ્વારા ઝડપથી શરૂ કરવા અને ટેન્ડર પૂર્ણ કરવા રજૂઆત કરી આમ ભાજપના સેવાભાવી જાગૃત નાગરિક ભાજપના પાયાના કાર્યકર શ્રી રવુભાઈ ખુમાણ દ્વારા ભરતભાઈ સુતરીયા ની મુલાકાત લઈ સાંસદ ભરતભાઈ સુતરીયા સાથે બેઠક કરી રાજુલા વિસ્તારના કેન્દ્ર સરકારને લગતા પ્રશ્નો રજૂ કર્યા હતા ભરતભાઈ સુતરીયા એ હકારાત્મક વલણ રાખી શ્રી રવુભાઈ ની વ્યાજબી લાગણી જણા હતા . સુતરીયા એ જણાવ્યું કે સંબંધિત કેન્દ્રના ખાતા ઓ ને પત્ર દ્વારા ટૂંક સમયમાં રજૂઆત કરવાની ખાતરી આપી હતી.

### સમગ્ર ગુજરાત સંક્ષિપ્ત

## ગુજરાત કર્મકાંડ ચેરીટેબલ ટ્રસ્ટની બેઠક મળી

અમરેલી, ગુજરાત ના સૌરાષ્ટ્ર પ્રાંત મા અમરેલી જિલ્લા ના લાઠી તાલુકા ના ગામ જાનબાઈ ઓમપ્રકાશ આશ્રમ પરમ પૂજ્ય શ્રી નાથાબાપા ગુરુજી અને ભગવાન શ્રી મુક્તેશ્વર મહાદેવ ના સાનિધ્ય ની અંદર જિલ્લા તાલુકા પ્રમુખ ની મીટિંગ સફળતા પૂર્વક યોજાઈ તેમાં લાઠી તાલુકા પ્રમુખ શ્રી અમિતભાઈ ત્રિવેદી તરફ થી સુંદર સગવડ સાથે આયોજન કરવામાં આવેલ અને જુદા જુદા જિલ્લા તાલુકા પ્રમુખ ની તથા આજુ બાજુ સ્થાનિક ભૂદેવ ભાઈઓ પણ હાજરી આપેલ જેમાં સંસ્થાપક શ્રી કૌશલભાઈ શાસ્ત્રી ગુજરાત પ્રભારી શ્રી તારકભાઈ શાસ્ત્રી સૌરાષ્ટ પ્રાંત પ્રભારી શ્રી ત્રિલોકભાઈ આર મહેતા સૌરાષ્ટ પ્રાંત સહ પ્રભારી શ્રી તથા કાલાવડ તાલુકા પ્રમુખ શ્રી હિમાંશુ દાદા શાસ્ત્રીજી તેમજ તેમની સાથે આવેલા ભૂદેવ શ્રી પિયુષભાઈ શાસ્ત્રી રાજકોટ જિલ્લા પ્રમુખ શ્રી અશોકદાદા તથા તેમની સાથે આવેલા ભૂદેવશ્રીઓ શ્રી ચિંતનભાઈ શાસ્ત્રી તેમજ શ્રી રુદ્ર ભાઈ દવે ભાવનગર જિલ્લા પ્રમુખ શ્રી મયુર ભાઈ જાની તેમની સાથે ઘોઘા તાલુકા પ્રમુખ શ્રી ઘનશ્યામ દાદા સિહોર થી વસંતભાઈ જે જોશી ઢસા તાલુકા થી નિલેશભાઈ પી જાની લાઠી તાલુકા થી ત્રિવેદી પ્રફુલચંદ્ર શંકરલાલ જાનબાઈ ની દેરડી ગામ દિલીપભાઈ ત્રિવેદી હીરાણા ગામ થી મોહિતભાઈ ત્રિવેદી ઢસા થી ભરતભાઈ રાવલ ચાવંડ ગામેથી ધર્મેશભાઈ જોશી તેમજ જનકભાઈ સી જોશી સિહોર થી પ્રકાશભાઈ પંડ્યા ત્રિવેદી જીતેન્દ્રભાઈ એન તેમજ ઘણા બધા જિલ્લા તાલુકા પ્રમુખો ઉપસ્થિત રહ્યા કર્મકાંડી કથાકાર પૂજારી અને જ્યોતિષી બ્રાહ્મણોના ઉત્કર્ષ માટેની ખૂબ અગત્ય ની ચર્ચાવિચારણા કરવામાં આવી.

## મુખ્યમંત્રી કાર્યાલયને આઇએસઓ સર્ટિફિકેશન મળ્યું

### ૨૦૦૯થી સતત આઇએસઓ પ્રમાણપત્ર મેળવવાનું ગૌરવ એકમાત્ર ગુજરાતને પ્રાપ્ત થયુ




ગાંધીનગર, તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ૨૦૦૯માં ક્વોલિટી મેનેજમેન્ટના આઈએસઓ બેન્ચમાર્ક મેળવવાની પહેલની પરંપરા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના કાર્યકાળમાં પણ જળવાઈ રહી છે. ગુજરાતના મુખ્યમંત્રી કાર્યાલયને આઈએસઓ સર્ટીફીકેશન મળતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે મુખ્યમંત્રી કાર્યાલયના કર્મયોગીઓને અભિનંદન પાઠવ્યા હતા. રાજ્ય શાસનના સર્વોચ્ચ કેન્દ્ર એવા મુખ્યમંત્રી કાર્યાલયને જાહેર સેવાઓના ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ અને સાતત્યપૂર્ણ સુધારાઓ સાથેના સમયબદ્ધ કાર્ય આયોજન માટે આ ISO ૯૦૦૧:૨૦૧૫ સર્ટિફિકેશન પ્રથમવાર એનાયત થયું હતું.શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પ્રસ્થાપિત કરેલી ગુડ ગવર્નન્સની આ સીમાચિહ્નરૂપ કામગીરીને ગુજરાતની પ્રશાસનિક વ્યવસ્થાએ સતત જાળવી રાખી છે. ૨૦૦૯ થી ૨૦૨૩ સુધી સળંગ પાંચ ત્રિવાર્ષિક આઈએસઓ સર્ટિફિકેશન મેળવનારા દેશના એકમાત્ર રાજ્ય તરીકે ગુજરાતના મુખ્યમંત્રી કાર્યાલયે આ વિશેષ ગૌરવસિદ્ધિ પ્રાપ્ત કરી છે.મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલને આઈએસઓ સર્ટિફિકેશન ટેક્નોક્રેટ કન્સલ્ટન્ટના ડિરેક્ટર શ્રી ભાવિન વોરા તથા સર્ટિફાઈંગ એજન્સી-બ્યુરો વેરિટાસના દ્વારા અર્પણ કરવામાં આવ્યું હતું.

## મહુવા વાઘનગરમાં વાહન વ્યવહાર ઠપ્પ

મહુવા, (રહીમ વસાયા) છેલ્લા ત્રણ ચાર દિવસથી મહુવા પંથકમાં ધોધમાર વરસાદ વરસી રહ્યો છે જેમાં આજરોજ તારીખ ૨/૭/૨૦૨૪ ને મંગળવાર સવાર ના મહુવા તાલુકાના વાઘનગર ગામ બુટીયા તરીકે ઓળખાતા પુલ પરથી વરસાદી પાણી વહેવા લાગતા મહુવા દાઠા માર્ગ સદંતર બંધ થયેલ તેથી મહુવા તાલુકાના વાઘનગર, સથરા, નીપ, કળસાર, ઉંચા કોટડા, માળવાવ, વાલાવાવ, સહિત ના બાર થી પંદર ગામ નો વાહન વ્યવહાર સદંતર ઠપ્પ થઈ ગયેલ તદ્ઉપરાંત વાઘનગર સહિત ના ગ્રામ્ય વિસ્તારોમાં નિચાણવાળા વિસ્તારોમાં ઠેર ઠેર લોકો ના ઘરોમાં પાણી ઘુસી ગયા હતા અતિશય વરસાદ નાં પગલે માલણ નદી માં ઘોડાપૂર આવ્યું હતું તેવું રહીમ આર વસાયા એ એક અખબારી યાદીમાં જણાવાયું છે

## સુરેન્દ્રનગર ઓખા વચ્ચે આંશિક રીતે ટ્રેન રદ

ભાવનગર,રાજકોટ ડિવિઝનમાં આવેલા રાજકોટ-ખંડેરી-પડધરી સેકશનમાં નોન-ઈન્ટરલોકીંગ કામગીરીના લીધે ૨૯.૦૬.૨૦૨૪થી ૦૮.૦૭.૨૦૨૪ સુધી રેલ વ્યવહાર ને અસર થશે. અસરગ્રસ્ત ટ્રેનોની વિગતો નીચે મુજબ છે:આંશિક રીતે રદ કરાયેલી ટ્રેનો: ટ્રેન નંબર ૧૯૨૦૯ ભાવનગર-ઓખા એક્સપ્રેસ ૨૯.૦૬.૨૦૨૪ થી ૦૭.૦૭.૨૦૨૪ સુધી ભાવનગર થી સુરેન્દ્રનગર ચાલશે. આ રીતે આ ટ્રેન સુરેન્દ્રનગર-ઓખા વચ્ચે આંશિક રીતે રદ રહેશે. ટ્રેન નંબર ૧૯૨૧૦ ઓખા-ભાવનગર એક્સપ્રેસ ૩૦.૦૬.૨૦૨૪ થી ૦૮.૦૭.૨૦૨૪ સુધી સુરેન્દ્રનગર થી ભાવનગર સુધી દોડશે. આ રીતે આ ટ્રેન ઓખા-સુરેન્દ્રનગર વચ્ચે આંશિક રીતે રદ રહેશે. રેલવે તંત્ર મુસાફરોને વિનંતી કરે છે કે તેઓ ઉપરોક્ત ફેરફારોને ધ્યાનમાં રાખીને તેમની મુસાફરી શરૂ કરે અને ટ્રેન ના સંચાલન સંબંધિત નવીનતમ અપડેટ્સ માટે www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લે જેથી કરીને કોઈ અસુવિધા ન થાય.

## ઉનામાં કોમ્પ્લેક્સ સ્લેબ પડયો



ઉના, (નિરવ ગઢીયા) ઉનામાં આનંદ બજાર પાસે ઈલોરા સ્ટુડિયો કોમ્પ્લેક્સ નો સ્લેબ આજે સવારે ધડાકાભેર પડ્યો હતો તે જર્જરીત હોવાથી આ કોમ્પ્લેક્સ વેલાસર કામગીરી થાય તેવી લોકોની માગણી ઉઠી છે અને ઉનામાં અનેક આવા કોમ્પ્લેક્સ છે વારંવાર ન્યુઝ પેપરમાં ન્યુઝ ચેનલમાં આપવા છતાં તંત્ર હજી કામગીરી કરી નથી તો શું આ લોકો જાન હાની ની રાહ જોવે છે ઉનામાં મિલન કોમ્પ્લેક્સ બસ સ્ટેન્ડ રોડ પાસે શારદા કોમ્પલેક્ષ પીપી દેસાઈ કોમ્પ્લેક્સ બજારમાં બીજા પણ ઘણા કોમ્પ્લેક્સ છે વહેલાસર કામગીરી થાય લોકોની માંગ ઉઠી છે તંત્ર સર્વે ક્યારે કરશે અને ક્યારે કામગીરી કરશે તે લોકોનો સવાલ ઉઠ્યો છે.

## કચ્છ-ભુજ પંથકનાં વિવિધ વર્તમાન

કચ્છ બ્યુરો ચીફ જયશ્રી મહેતા

### અંજાર નજીક નાગલપરના ખેડૂતે પ્રાકૃતિક શાકભાજીની ખેતી કરીને નવો રાહ ચીંધ્યો



ભુજ,ધો.૧૨ સાયન્સ સુધીનો અભ્યાસ કરેલા અંજાર તાલુકાના નાગલપરના ખેડૂત અજયભાઈ પરષોત્તમ ટાંક ૧૦ એકરમાં પ્રાકૃતિક રીતે કૃષિ કરી રહ્યા છે. તેઓએ શાકભાજીની ખેતી કરીને જમીનના બંધારણમાં સુધારા સાથે આવકમાં પણ નોંધપાત્ર ફાયદો મેળવી રહ્યા છે. અજયભાઈ જણાવે છે કે, હું છેલ્લા ૫ વર્ષથી પ્રાકૃતિક કૃષિ કરું છું.મારી પાસે ૨ દેશી ગાયો છે.આત્મા યોજના દ્વારા મળેલી તાલીમ, માર્ગદર્શન તથા સાધનોની સહાયથી જીવામૃત,નિમાસ્ત્ર, બ્રહ્માસ્ત્ર અને ઘનજીવામૃત બનાવુ છું તથા ગોબર ગેસ સ્લરીનો પણ ઉપયોગ કરૂ છુ. હું આચ્છાદન અને મિક્સ પાકોનું વાવેતર કરીને ફાયદો મેળવી રહ્યો છું. ભુજ તથા શંખેશ્વર ખાતે પ્રાકૃતિક કૃષિની તાલીમ મેળવીને ખેતીમાં તેને અપનાવી રહ્યો છે. પ્રાકૃતિક ખેતીમાં હું ટામેટા, કોબીજ, રીંગણ, લીબુ, જામફળ, એપલ બોર વિગેરે પાકોનું વાવેતર કરેલ છે. વધુમાં તેઓ ઉમેરે છે કે, પ્રાકૃતિક કૃષિમાં ગુણવત્તા યુક્ત પ્રાકૃતિક પેદાશના સારા ભાવ મળે છે.જમીન ફળદ્રુપ અને બંધારણ સુધરે છે.પ્રાકૃતિક ખેતીથી આર્થિક રીતે સધ્ધર થવામાં મદદ મળે છે. .જીવામૃતનો ઉપયોગ કરવાથી જમીનમાં સૂક્ષ્મ જીવો અને પોષક તત્વોનું પ્રમાણ વધ્યું છે.

## જુનાગઢ પંથકનાં વિવિધ વર્તમાન

જુનાગઢ બ્યુરો ચીફ હિતેષ પારેખ

### સાળંગપુરમાં સંસ્કૃતભારતી અભ્યાસ વર્ગ યોજાયો



જુનાગઢ,સંસ્કૃત ભારતી એ નોન પ્રોફિટ ઓર્ગેનાઈઝેશન છે જે વિશ્વના ૩૭ દેશોમાં સંસ્કૃત ભાષાનો નિશુલ્ક પ્રચાર પ્રસાર કરે છે. જેમના કાર્યકર્તાઓ એક પણ રૂપિયાની અપેક્ષા વગર દેવભાષા એવી જન વ્યવહારની ભાષા બનાવવા માટે અહર્નિશ પ્રયત્નરત છે. આ અભ્યાસ વર્ગમાં સૌરાષ્ટ્ર પ્રાંતના ૧૫ જિલ્લાઓમાંથી, પ્રાંત સ્તરના, વિભાગ સ્તરના અને જિલ્લા કક્ષાના દાયિત્વ વાળા કાર્યકર્તાઓ પોતાના સ્વખર્ચે ઉપસ્થિત રહ્યા હતા. અને બે દિવસ સંસ્કૃત ભાષાના સંવર્ધન હેતુ વિચાર-વિમર્શ કર્યો.આ અભ્યાસ વર્ગના ઉદ્ઘાટનમાં સાળંગપુરના પૂ. જ્ઞાનતૃપ્તસ્વામી ઉપસ્થિત રહ્યા હતા. સ્વામીએ સંસ્કૃત ભાષાએ ભારતીયોના આચાર અને વ્યવહાર સાથે વણાયેલી ભાષા છે અને તેમના મહત્વ વિશે કાર્યકર્તાઓને જણાવ્યું હતું. ઉદ્ઘાટન બાદ વિવિધ સત્રોમાં કાર્યકર્તાઓને ગત વર્ષના કાર્યની સમીક્ષા અને આગામી વર્ષના કાર્યોનું ચિંતન કર્યું હતું. તો બીજે દિવસે સાળંગપુર સંસ્કૃત મહાવિદ્યાલયના બે આચાર્યો દ્વારા સંસ્કૃત ભાષામાં વાદવિવાદ પ્રતિયોગિતા દ્વારા સંસ્કૃત મહત્વ પ્રતિપાદિત કર્યુ હતું. આ બે દિવસના અભ્યાસ વર્ગમાં કાર્યકર્તાઓને આગામી સમયમાં યોજાનાર ગૌરવ પરીક્ષા, સંસ્કૃત સંભાષણ વર્ગ, ઓગસ્ટ માસમાં થતી સંસ્કૃત સપ્તાહની ઉજવણી અને પત્રાચારના માધ્યમથી સંસ્કૃત શીખવા ઈચ્છતા સૌરાષ્ટ્ર પ્રાંતના લોકો માટે પ્રયત્ન કરવા સૂચવ્યું હતું. તેમજ પ્રાંત કક્ષાના અભ્યાસ વર્ગ બાદ સૌરાષ્ટ્ર પ્રાંતના પાંચ વિભાગોમાં તાલુકા કાર્યકર્તાઓ માટે અભ્યાસ વર્ગ થાય તે માટેનું વિભાગના સંયોજકોએ આયોજન રજૂ કર્યુ હતું.

## ગીરસોમનાથ પંથકનાં વિવિધ વર્તમાન

ગીર સોમનાથ બ્યુરો ચીફ સંજય રાઠોડ

### વેરાવળ હોલીફેઝ ઈગ્લીશ મોડીયમ સ્કુલને તાળા

ગીરસોમનાથ,વેરાવળ સોમનાથ ટોકીઝ વિસ્તારમાં મસ્જીદ પાસે ધો. ૧ થી ૮ ની ઈગ્લીશ મીડીયમ સ્કુલ હોલીફેઝ ને આજથી તાળા લાગી ગયેલ છે સંચાલકોએ જીલ્લા શિક્ષણ અધિકારીને માં શાળા બંધ કરીએ છીએ તેવું આપતા નોટીસ કાઢી અત્યાર સુધી શાળા કેવી રીતે ચાલેલ છે સરકારી મજુરી ના કાગળો સાથે હાજર થવા આદેશ કરેલ છે.વેરાવળ સોમનાથ ટોકીઝ મસ્જીદ બાજુમાં તાજેતરમાં કોઈપણ મજુરી વગર સ્કુલ ચાલતી હતી તેને શીલ કરેલ હતી તેની બાજુમા ધો. ૧ થી ૮ હોલીફેઝ મીડીયમ સ્કુલ ધમધમતી હોય તેની પણ તપાસ કરતા સંચાલકો પાસે કોઈ આધારભુત કાગળો ન હોવાથી જેતે વખતે આકરા પગલા ભરેલ હતા સંચાલકોએ શિક્ષણ અધિકારીને લખીત માં આપેલ છે આજથી તા.૭/૧/૨૪ થી અમો શાળા બંધ કરીએ છીએ જેથી ૨૫૦ વિદ્યાર્થીઓ જે અભ્યાસ કરતા હતા આ વર્ષે જેને પ્રવેશ મેળવેલ તેની હાલત કફોડી બનેલ છે શિક્ષણ અધિકારીએ જણાવેલ હતું કે કોઈપણ કાગળો વગર શાળા ચાલતી હતી તેની શીલ કરેલ હતી ત્યારે તની બાજુમાં હોલાફઝ ઈગ્લીશ મીડીયમ ધમધમતી હોય સ્થળ ની મુલાકાત લીધેલ હતી ત્યારે સંચાલકો દ્વારા કોઈપણ સાહીત્ય રજૂ કરવામાં આવેલ ન હોય સામેથી સ્કુલ બંધ કરેલ છે તેવી આપી ગયેલ છે પણ અત્યાર સુધી સ્કુલ કેમ ચાલો સરકાર કોઈ મજુરી લીધેલ છે કે નહી તેવા અનેક કારણો સાથે નોટીસ આપલ છે આ સ્કુલ ને આજથી તાળા લાગી જતા આ વિસ્તારમાં ભારે ખળભળાટ વ્યાપેલ છે આ જીલ્લામાં આવી કેટલી સ્કુલો ચાલતી હતી તેની પણ તપાસ કરવામાં આવે તેવી ઉઠી છે.

## સંસદમાં શ્રી રાહુલ ગાંધી દ્વારા હિન્દુઓ વિરૂદ્ધ કરવામાં આવેલી ટિપ્પણી અત્યંત આપતિજનક અને હિન્દુઓની લાગણીઓને આઘાત પહોંચાડનારી

# અમરેલીમાં આજે વિહીપ દ્વારા શ્રી રાહુલ ગાંધી સામે વિરોધ પ્રદર્શન

### વિશ્વ હિન્દુ પરિષદ તથા યુવા પાંખ બજરંગદળ દ્વારા આજે રાજકમલ ચોકમાં વિરોધ વ્યકત કરવામાં આવશે સમસ્ત હિન્દુ સમાજને જોડાવા માટે શ્રી ઇતેશ મહેતા, શ્રી વિજય દેસાઇ, શ્રી રશ્મીન ત્રિવેદીનું આહવાન

### હિન્દુને હિન્દુ હોવાનો એક હજાર વખત ગર્વ છે અને હિન્દુ માટે સંસદમાં વપરાયેલા શબ્દોથી સમસ્ત હિન્દુ સમાજ આઘાત અનુભવી રોષીત છે : સમસ્ત હિન્દુ સમાજમાં ભભુકતા રોષને વાચા અપાશે : શ્રી વિજય દેસાઇ

અમરેલી, (ડેસ્કરિપોર્ટર) અમરલી જિલ્લા વિશ્વ હિન્દુ પરિષદ ની યુવા પાખ બજરંગદળ દ્વારા સંસદમાં શ્રી રાહુલ ગાંધી દ્વારા હિન્દુઓ વિરૂદ્ધ કરવામાં આવેલી ટિપ્પણી અત્યંત આપતિજનક અને હિન્દુઓની લાગણીઓને આઘાત પહોંચાડનારી છે, હિન્દુને હિન્દુ હોવાનો એક હજાર વખત ગર્વ હોવાનો છે અને હિન્દુ માટે સંસદમાં વપરાયેલા શબ્દોથી સમસ્ત હિન્દુ સમાજ આઘાત અનુભવી રોષીત થયેલ હોય આ વિધાન સામેના વિરોધમાં વિશ્વ હિંદુ પરિષદ, બજરંગદળ દ્વારા વિરોધ પ્રદર્શન તા.૦૩-૦૭-૨૦૨૪, બુધવાર ના સમય :સાંજે ૪.૩૦:૦૦ કલાકે જીવરાજ મહેતા ચોક, અમરેલી. ખાતે. બજરંગ દળ ના જિલ્લા સંયોજક વિદુરભાઈ ડાબસરા ની આગેવાની માં આયોજન કરેલ છે આ પ્રદર્શનમાં સર્વે હિન્દુઓને જોડાવવા વિશ્વ હિન્દુ પરિષદ ના જિલ્લા પ્રમુખ ઈતેશભાઈ મહેતા, ઉપપ્રમુખ વિજય ભાઈ દેસાઈ. રશ્મિન ભાઈ ત્રિવેદી, બજરંગ દળ ના જિલ્લા સહ સયોજક અશ્વિન વાઢેર, જિલ્લા સહ સંયોજક જીગીશું મેહતા શહેર સંયોજક મહાવીર ભાઈ વીંછિયા, સહેર સહ સયોજક કેતન મેહતા નગર પ્રમુખ પ્રતાપસિંહ રાઠોડે જોડાવવા આહવાન કરેલ છે.

## બગસરામાં બીજું સબ ડિવિઝન આપવા શહેર ગ્રામ્ય વિસ્તારોની માંગ

બગસરા, (રૂપેશ રૂપારેલીયા) બગસરા પીજીવીસીએલ માં ત્રીસ હજાર ની આસપાસ વિજ ગ્રાહકો વો હોવા માત્ર એક જ સબ ડિવિઝન ને કારણે ગ્રાહકોના સમયસર કામ થતા ન હોય અને તેમાં પણ બગસરા પીજીવીસીએલમાં એક ડેપ્યુટી એન્જિનિયર ને બે જુનિયર એન્જિનિયર ની પોસ્ટ હોય જેમાંથી એક જે ઈ એક વર્ષ ઉપરાંત રાજીનામું આપીને જતા રહ્યા હોવાના કારણે એક જ ઉપર તમામ પ્રકારનું ભારણ હોવાના કારણે કામ નો વિલંબ થતો હોય અને કામનો ભરાવો થવાના કારણે સમયસર કામ થતા ન હોય આથી બગસરા તાલુકાના ગ્રાહકો દ્વારા પણ એવું કહેવામાં આવી રહ્યું છે કે બગસરા માં બે ડિવિઝન કરવામાં આવે તો બગસરા શહેર તેમજ બગસરાના ગ્રામ્ય કામો વેચાઈ જાય અને બગસરા ને બે ઓફિસ મળે બે એન્જિનિયર મળે અને ચાર જુનિયર એન્જિનિયર મળે જેથી લોકોના કામ યોગ્ય સમયે થવા લાગે હાલ બગસરા પીજીવીસીએલમાં એક જ જુનિયર એન્જિનિયર હોવાના કારણે pgvcl ને લગતા તમામ કામો લોડ વધારો, લોડ ઘટાડો, ખેતીવાડી ન્યુ કનેકશન, ખેતીવાડી સ્થળ ફેર, ઈન્ડસ્ટ્રીયલ કનેકશન, કોમર્શિયલ કનેક્શન, ઘર લાઈટિંગ કનેક્શન અને સોલાર જેવી તમામ કામગીરી એક જ સાહેબ ઉપર હોય તેના કારણે લોકો પૈસા ભરવા છતાં કામનો વિલંબ થતો હોય આથી શહેર ની સામાજિક સંસ્થાઓ વેપારી મહામંડળ અને ચેમ્બર ઓફ કોમર્સની સંસ્થાઓ દ્વારા માગણી કરવામાં આવે તો બગસરા pgvcl ને બે ભાગમાં વહેંચી અને બે ડિવિઝન આપવામાં આવે તો લોકોનો કમો જડપ થી શકે અને ભાર હળવો થઈ શકે તેમજ બગસરા માં રેવન્યુ પ્રમાણે આવતા ગામો શાપર, કડાયા જે ગામો પીજીવીસીએલ વિસાવદર માં સબ ડિવિઝન નીચે આવે છે અને રેવન્યુ પ્રમાણે તેમનો તાલુકો બગસરા છે ખારી, હડાળા, માવજીજવા બાલાપુર, આ ગામો પણ રેવન્યુ પ્રમાણે બગસરા તાલુકામાં આવે છે અને તેમની પીજીવીસીએલ કુકાવાવ હોવાના કારણે તેમને માત્ર એક જ કામ માટે કુકાવાવ સુધી જવું પડતું હોય બાકીના તમામ કામો બગસરામાં થતા હોય તે ગામોની પણ એવી માગણી છે કે આ ગામોને બગસરામાં સમાવી અને બગસરા ને બે ડિવિઝન કરવામાં આવે તો બે ઓફિસ થાય અને ડબલ સ્ટાફ મળે બધી જ બાબતો ડબલ થઈ જતા કામો પણ સમયસર થવા લાગે તેવી બગસરા તાલુકા ના ગામડા ની તેમજ બગસરા શહેરના લોકોની માગ ઊઠી છે કે બે ડિવિજન આપવામાં આવે તો લોકો ના કમો ઝડપ થી થઈ શકે.

**પ.ગુ.વિ.કું.લિ., વર્તુળ કચેરી, અમરેલી.**

ટેન્ડર નોટીસ નં.૧૪૯/એમકો–૦૯/૨૦૨૪

અમરેલી વર્તુળ કચેરી હેઠળ આવતી વિભાગીય કચેરીઓના જુદા જુદા કામો / માલ સામાન માટે સીલબંધ કવરમાં રજી. એ.ડી. થી ભાવો મંગાવવામાં આવે છે. વધુ વિગત પી.જી.વી.સી.એલ. ની વેબસાઈટ WWW.PGVCL.COM અને http://pgvcl.nprocure.com ઉપરથી મળી શકશે

ઉપરોક્ત કચેરી હેઠળના વીજગ્રાહકો માટે ભાવનગર ખાતે કાર્યરત ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્રમાં રજુઆત કરી શકે છે.

ગ્રાહક સુવિધા કેન્દ્રનો ટોલ ફ્રી નંબર = ૧૮૦૦-૨૩૩-૧૫૫૩૩૩ & ૧૯૧૨૨

અધિક્ષક ઈજનેર (સં. અને નિ.)

**નાયબ કલેક્ટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ લાઠી**

જન્મ/મરણ પરચુરણ અરજી નં.૧૩૯/૨૦૨૪.................તા.૧૨-૦૬-૨૦૨૪

વિવાદી :- શ્રી રમેશભાઈ ગોરધનભાઈ પીઢડીયા રહે.ચરખા, તા.બાબરા

વિરૂધ્ધ પ્રતિવિવાદી :- તલાટી કમ મંત્રીશ્રી ચરખા ગ્રામ પંચાયત તા.બાબરા

**જાહેર નોટીસ**

(મરણનાં દાખલા માટે)

આથી લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે કે અમરેલી જીલ્લાના બાબરા તાલુકાના મોજે ચરખા ગામના રહીશ આ કામના અરજદારશ્રીના નાની ઉજીબેન ડાયાભાઈ રૂપારેલીયાનું મરણ તા.૦૬-૦૮-૧૯૮૮ ના રોજ મોજે ચરખા, તા.બાબરા જી.અમરેલી તથા અરજદારશ્રીના નાના ડાયાભાઈ જીવાભાઈ રૂપારેલીયાનું મરણ તા.૦૪-૧૧-૨૦૧૧ ના રોજ મોજે ચરખા તા.બાબરા મુકામે મરણ થયેલ હોય જે તે સમયે તેમના મરણની નોંધ કરાવેલ ન હોય નોંધ કરાવવાની રહી ગયેલ હોય જેથી મરણની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૨૯-૦૫-૨૪ થી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાએ મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈને કાંઈ વાંધો તકરાર કે હરકત હોય તો તેમણે જાતે અગર તો તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમા મુદત તા.૦૫-૦૮-૨૦૨૪ ના રોજ બપોરનાં ૧૫-૦૦ કલાકે વાંધા તકરાર સાથે ઉપસ્થિત રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે

કોર્ટનો સિક્કો

**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ**
**લાઠી**

**નાયબ કલેક્ટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ લાઠી**

જન્મ/મરણ પરચુરણ અરજી નં.૧૩૪/૨૦૨૪.................તા.૧૦-૦૬-૨૦૨૪

વિવાદી :- શ્રી મનજીભાઈ રામજીભાઈ કેવડીયા રહે.નાના વરાછા, સુરત

અરજદારના વિ.વ.શ્રી રમેશભાઈ વી.મીઠાપરા

વિરૂધ્ધ પ્રતિવિવાદી :- તલાટી કમ મંત્રીશ્રી અકાળા ગ્રામ પંચાયત તા.લાઠી

**જાહેર નોટીસ**

(જન્મનાં દાખલા માટે)

આથી લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે કે અમરેલી જીલ્લાના લાઠી તાલુકાના મોજે અકાળા ગામના રહીશ આ કામના અરજદારશ્રીની પુત્રી કોમલ મનજીભાઈ કેવડીયાનો જન્મ તા.૦૭-૦૧-૧૯૯૦ ના રોજ મોજે અકાળા, તા.લાઠી મુકામે જન્મ થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય નોંધ કરાવવાની રહી ગયેલ હોય જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૦૧-૦૫-૨૪ થી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈને કાંઈ વાંધો તકરાર કે હરકત હોય તો તેમણે જાતે અગર તો તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમા મુદત તા.૦૫-૦૮-૨૦૨૪ ના રોજ બપોરનાં ૧૫-૦૦ કલાકે વાંધા તકરાર સાથે ઉપસ્થિત રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે

કોર્ટનો સિક્કો

**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ**
**લાઠી**

મહે શ્રી ખાંભા ના જયુ. મેજી. ફ.ક. સાહેબની કોર્ટમાં મું. ખાંભા

ફોજદારી પરચુરણ અરજી નં. ૧૪૨-૨૦૨૪............મુ.તા.૨૫-૦૭-૨૦૨૪

અરજદાર : નિતેશભાઈ પરશોતમભાઈ વેલાણી રહે.ખાંભા, જી.અમરેલી

અરજદારના વિ.વ.શ્રી આર.આર.હરીયાણી

વિરૂધ્ધ : સામાવાળા : ત.ક.મંત્રીશ્રી ખાંભા, તા.ખાંભા, જી.અમરેલી

**જાહેર નોટીસ**

આથી આ જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોકત અરજદાર નિતેશભાઈ પરશોતમભાઈ વેલાણીનો જન્મ તા.૦૧-૦૬-૧૯૭૯ નારોજ ગામ ખાંભા, તા. ખાંભા મુકામે થયેલ અને તેની નોંધ જન્મ-મરણ નોંધણી રજીસ્ટરે નોંધ કરાવવા અંગે અત્રેની અદાલતમાં જન્મ-મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ હાલની અરજી કરેલ છે જેથી અરજદારની માંગણી મુજબ તેઓના પોતાના જન્મ અંગેની નોંધ કરાવવા અંગેનો હુકમ શા માટે ન કરવો તેનુ કારણ દર્શાવવા મુદત તા.૨૫-૦૭-૨૦૨૪ નારોજ ૧૦:૩૦ વાગ્યે સુનાવણી રાખવામાં આવેલ છે આથી જે કોઈ ઈસમ તથા સરકારી, અર્ધસરકારી કચેરી, પેઢી, મંડળી, વ્યકિત, સ્વાયત સંસ્થા વિગેરેને સદરહુ અરજી સામે વાંધો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી સદરહુ મુદત તારીખે અદાલત સમક્ષ જાતે અથવા માહિતગાર વકીલ, મુખત્યાર મારફતે હાજર રહેશો તેમ કરવામાં કસુર થયે આગળનો યોગ્ય અને ન્યાયી હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.આજ તા.૨૮-૦૬-૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યા

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | કોર્ટનો સિક્કો | હુકમ થી |
|---|---|---|---|
| ડી.એમ.કલસરીયા | ડી.જે.પઠાણ | | એ.એસ.દવે |
| આસી. | આસી. | | રજીસ્ટ્રાર ખાંભા |


**પ્રોપર્ટી લેવાવાળા લે છે અને વેચવાવાળા વેચે છે**

મકાન હોય કે દુકાન, પ્લોટ કે ફલેટ... કારખાનુ કે ખેતીની જમીન

અમરેલીથી ચિતલ જતા શેડુભાર પછી નેશનલ હાઇવે ઉપર ૨૪૦૦ વારનો ઇન્ડસ્ટ્રીયલ પ્લોટ માત્ર રૂા.૧૫૦૦ વારના ભાવથી

ગાવડકા રોડ ઉપર ઇન્ડસ્ટ્રીયલ ખુલ્લો પ્લોટ અને બાંધકામ કરેલુ માલસામાન સાથે ધમધમતુ કારખાનું વેચવાનું છે

ચિતલથી આગળ બાબરા રોડ ઉપર હાઇવે ટચ ૩ વિઘા વાડી

| લાઠી રોડ | | | |
|---|---|---|---|
| પ્રમુખસ્વામીમાં પુર્વ દ્વારનું ૧૦૦૦ ફુટ જગ્યામાં ફુલી ફર્નિશ્ડ તદન નવો જ બંગલો | વૃંદાવનમાં 2BHK ફર્નિચર વાળા ત્રણ થી ચાર મકાન તાત્કાલીક વેચવાના છે | કેરીયારોડ ઉપર જુદા-જુદા લોકેશનમાં નાના મોટા નવા જુના મકાન | માણેકપરામાં આશરે સવા ત્રણ વસામાં જુનુ કોર્નરનું મકાન ટાઇટલ કલીયર |

જોઇએ છે: લાઠી રોડના આંગન-વિશ્વાસ-સનફલાવર-ગોકુલધામ-શુભમમાં 1-2-3BHK ફલેટ વેચાણથી અથવા ભાડેથી જોઇએ છે

જુદા-જુદા લોકેશનમાં ચાલુ અથવા પડતર જમીન-ખેડુત ખાતેદારને દરજ્જો ચાલુ રાખવા ૨ લાખના ભાવની જમીન

૧૦ વિઘામાં ફેલાયેલા શૈક્ષણિક સંકુલ માટે ફાઇનાન્સર જોઇએ છે

લાઠી રોડ ઉપર વૃંદાવન-પ્રમુખ-ધરમ-અક્ષરધામ-યોગી-નારાયણ-ગીરધર શિવલીલા-રામાણી-૨ માં નાના મોટા પ્લોટ તેમજ મકાન વેચવાના છે

બ્રાહ્મણ સોસાયટી-સારથીમાં જાતે બનાવેલ બંગલો અરજન્ટ વેચવાનો છે

**લાભમ્ પ્રોપર્ટીઝ : ૯૪૨૮૯ ૭૦૯૫૪**



**શું તમને સાંભળવાની તકલીફ છે ?**

તો તમારે કાનના મશીનની જરૂરીયાત હોઈ શકે...

- કોઈપણ ઉમરના વ્યકિતની બહેરાશની તપાસ
- બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
- વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
- જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
- જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
- પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય

કાનના મશીન

કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન

**અવતાર**

સ્પીચ અને હિયરીંગ ક્લિનીક

ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જ્યુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.

મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય :સવારે :૧૦ થી ૨, સાંજે : ૫ થી ૮



**ડ્રીમ ફેમિલી સ્પા – ધમાકા ઓફર**

Dream Family spa Ladies & Gents

ડ્રીમ ફેમેલી સ્પા

ભાઈઓ માટે Rs.1399/- માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૬૦ મિનીટ (૧ કલાક)

બહેનો માટે Rs.699/- માં પ્રિમીયમ મસાજ

કપલ માટે Rs.1199/- માં પ્રિમીયમ મસાજ

અયોધ્યા એપાર્ટમેન્ટ, ગ્રાઉન્ડ ફ્લોર, B વિભાગ, રોયલ અમોઝોન પાર્કની બાજુમાં અમરેલી.

Appointment Now Mo.8160832025



**પ્રોફેશનલ ફેમિલી સ્પા**

Since : 2018 (7 વર્ષ જુનુ)

લેડીઝ માટે Rs.799/-   કપલ માટે Rs.1399/-

ભાઈઓ માટે એક સાથે એક ફ્રી

PROFESSIONAL spa

અયોધ્યા એપાર્ટમેન્ટ, એમેઝોન રોયલ પાર્ક પાસે, કેરીયા–લીલીયા રોડ બાયપાસ.

એપોઈન્ટમેન્ટ માટે : Mo.70169 65665



**સ્પે.કપલ ટુર - ફેમીલી ટુરનું સુંદર આયોજન**

કાશ્મીર શ્રીનગર | સિમલા - કુલ્લુ - મનાલી ડેલહાઉસી - અમૃતસર | ગોવા - મહાબળેશ્વર લોનાવાલા - ઇમેજીકા

રોયલ રાજસ્થાન | દિલ્હી - અક્ષરધામ - હરિદ્વાર ગોકુલ - મથુરા - આગ્રા | બનારસ - અલ્હાબાદ નેપાળ - પોખરા

બેંગ્લોર - મૈસુર - ઉટી - કન્યાકુમારી ત્રિવેન્દ્રમ - રામેશ્વર - તીરૂપતિ | કલકતા - ગંગાસાગર જગન્નાથપુરી - ભુવનેશ્વર

કેરાલા | લેહ લદાખ | દાર્જીલીંગ

દુબઇ - થાઇલેન્ડ - બાલી - સિંગાપોર - મલેશિયા - ક્રુઝ

પાસપોર્ટ માર્ગદર્શન ● રેલ્વે બુકિંગ ● ફલાઇટ બુકિંગ ● વિઝા

**મિથ્સ હોલીડેઝ**

બુકીંગ માટે સંપર્ક કરો... મો.૯૭૨૫૯ ૮૨૧૮૩

૭૫, ગ્રાઉન્ડ ફલોર, સરદાર કોમ્પલેક્ષ, જિલ્લા પંચાયત રોડ, અમરેલી













... ૫૩ વર્ષથી કાર્યરત ...

**લાયસન્સ + નામ ટ્રાન્સફર + વિમો નંબર પ્લેટ + PUC**

**સોનપાલ ઓટો એડવાઈઝર્સ**

◆◆◆◆ RTO એડવાઈઝર્સ ◆◆◆◆

...એક જ સંસ્થામાં બધીજ સુવિધાઓ...

વિમો + લાયસન્સ નામ ટ્રાન્સફર + પાસીંગ
ગાંધી બાગ પાસે, જય કોમ્પ્લેક્ષ, અમરેલી
ફોન નં. ૦૨૭૯૨-૨૨૩૧૧૦

નંબર પ્લેટ + PUC
પંચવટી કોમ્પ્લેક્ષ, માણેક સ્થંભની બાજુમાં, લાઠી રોડ, અમરેલી
મો. ૯૫૧૦૧ ૩૬૫૫૫








રજી.સે.શ.૩૬૭૫૨     ॥ સત્યમેવ જયતે ॥     ઓડીટ વર્ગ 'અ'

**અવધ નાગરીક શરાફી સહકારી મંડળી લી.**

ગીરધરભાઇ શોપીંગ સેન્ટર, હેડ પોસ્ટ ઓફીસ સામે, અમરેલી ફોન : (૦૨૭૯૨)૨૨૭૨૯૯

**દર મહિને માસિક વ્યાજની સુવિધા પણ ઉપલબ્ધ**

| ક્રમ | થાપણના પ્રકાર ફી.ડી. | વ્યાજનો દર | ક્રમ | થાપણના પ્રકાર ફી.ડી. | વ્યાજનો દર |
|---|---|---|---|---|---|
| ૧ | ૪૫ દિવસ થી ૯૦ દિવસ સુધી | ૮% | ૬ | ૪ વર્ષ ઉપર | ૧૨.૫% |
| ૨ | ૯૧ દિવસથી ૧૮૦ દિવસ | ૯% | ૭ | ૬ વર્ષ ૬ માસ ઉપર (૭૮ માસ) | ડબલ |
| ૩ | ૧૮૧ દિવસથી ૧ વર્ષ સુધી | ૧૦% | ૮ | મંથલી બચત (૧૨ માસ) | ૧૧% |
| ૪ | ૧ વર્ષ ઉપરથી ૩ વર્ષ સુધી | ૧૨% | | | |

**આકર્ષક વ્યાજદરો**

**સભાસદ માટે સર્વશ્રેષ્ઠ સુવિધા**

- દર વર્ષે આકર્ષક ડીવીડન્ડ ■ ફીકસ ડીપોઝીટ ઉપર ૧૨.% નું આકર્ષક વ્યાજ
- દૈનિક બચતકારોને ૧૧% નું આકર્ષક વ્યાજ
- દરેક સભાસદોને જરૂરીયાત મુજબ વ્યકિતગત તેમજ મિલ્કત ઉપર લોનની સરળ સુવિધા
- ડો. ચિરાગ કુબાવત - નારી વુમન્સ - એન્ડોસ્કોપી સેન્ટરમાં પ્રસુતીમાં બીલ ઉપર ૨૦% ડિસ્કાઉન્ટ પતિ અથવા પત્નીમાંથી કોઇપણ એક અવધ મંડળીના સભાસદ હોવા જરૂરી છે (પેકેજ વગર ડિસ્કાઉન્ટનો લાભ મળશે.)

**વિશ્વાસ તમારો અને મહેનત અમારી**

**અવધ નાગરિક શરાફી સહકારી મંડળી લિ.**

● બાયપાસ બ્રાન્ચ ● સિલ્વર શાઈન કોમ્પલેકસ, રોયલ એમેઝોન સામે, બાળહનુમાન મંદિર રોડ, બાયપાસ રોડ, અમરેલી.

● બાબરા બ્રાન્ચ ● સહકાર ભવન, શિવાજી ચોક, તાલુકા શાળા સામે, મુ. બાબરા. જિ. અમરેલી. ફોન : (૦૨૭૯૧) ૨૩૩૨૯૯

● ધારી બ્રાન્ચ ● રેલ્વે સ્ટેશન પાસે, ધારી વિવિધ સેવા સ.મં.લી.સામે મુ. ધારી. જિ. અમરેલી. ફોન : (૦૨૭૯૭)૨૨૧૨૯૯

બાલક્રિષ્ના ટ્રેક્ટર્સ
આયશર 188 (મીની) ટ્રેક્ટર
ફક્ત રૂા.૧ લાવો ટ્રેક્ટર ઘરે લઇ જાઓ
રૂા.૨,૫૧,૯૯૯/-* સ્પે.ઓફર
ગવર્મેન્ટ સબસીડી માન્ય
● પાવરફુલ એરકુલ્ડ એન્જીન
● ૧૦ સ્પીડ ગિયરબોક્સ
● તેલમાં ડુબેલી બ્રેક્સ
રાજુલા,સાવરકુંડલા,અમરેલી મો.૯૯૦૪૩૨૨૬૬૧/૬૪/૬૫

સત્યમેવ જયતે
AVADH TIMES DAILY
# અવધ ટાઇમ્સ
સૌરાષ્ટ્ર આવૃતિ
પાના નં. ૮ તા.૦૩-૦૭-૨૦૨૪ બુધવાર

ખરજવાની જળો દ્વારા અપાતી અકસીર સારવાર
કૈલાશ ક્લીનીક
જળો દ્વારા કુદરતી ઉપચાર કેન્દ્ર
ડો. એલ.એલ. બાવળીયા B.A.M.S., M.D. (H.M.)
ડો. ભરત એલ. બાવળીયા B.A.S.M., M.D. (H.M.)
હનુમાન પરા રોડ, મોહન નગર, અમરેલી. ફોન :- (૦૨૭૯૨) ૨૨૩૨૫૭૫

## મા કે નામ એક પેડ - માન પ્રધાનમંત્રીશ્રીના દેશ વ્યાપી અભિયાનને પોતાના જન્મદિવસ સાથે જોડી નવો ચીલો પાડતા કુંડલાના ધારાસભ્ય શ્રી કસવાલા

# માં કે નામ એક પેડ અભિયાનમાં જોડાતા શ્રી મહેશ કશવાળા

### સાવરકુંડલામાં નવા આકાર પામતા સ્પોર્ટ્સ સંકુલ ખાતે મહિલા મોરચાની બહેનો સંગાથે ૫૩ વૃક્ષોનું વાવેતર કરીને વૃક્ષારોપણ કરીને વૃક્ષોના જતન કરવાની પ્રતિજ્ઞા લેવડાવી

### શ્રી મહેશ કસવાળાએ ખાદી કાર્યાલય ખાતે જઈને ખાદીની ખરીદી કરીને કાર્યકર્તાઓને પણ સમજણ આપીને ખાદીનું મહત્વ સમજાવતા કાર્યકરોએ પણ ખાદીની ખરીદી કરી





અમરેલી,(ડેસ્કરિપોર્ટર)

જન્મદિવસના અવસરને પર્યાવરણ લક્ષી બનાવીને સાવરકુંડલા લીલીયાના ધારાસભ્ય મહેશ કસવાળાએ નવતર રાહ ચિંધવાનું ભગીરથ કાર્ય કર્યું છે જેમાં ધારાસભ્ય મહેશ કસવાળા ૫૨ વર્ષપૂર્ણ કરી ૫૩ માં વર્ષમાં મંગળ પ્રવેશ કરતા કોઈ જન્મદિવસની જાકમજોળ નહિ વૃક્ષારોપણ અને આંગણવાડીના ભૂલકાઓને બિસ્કીટ નાસ્તો અને કેક ખવડાવીને જન્મદિવસની સાદગી ભરી ઉજવણી કરનારા ધારાસભ્ય મહેશ કસવાળાએ ૫૩ માં વર્ષમાં પ્રવેશતા સાવરકુંડલા શહેરમાં નવા આકાર પામતા સ્પોર્ટ્સ સંકુલ ખાતે મહિલા મોરચાની બહેનો સંગાથે ૫૩ વૃક્ષોનું વાવેતર કરીને વૃક્ષારોપણ કર્યું અને વૃક્ષોના જતન કરવાની પ્રતિજ્ઞા લેવડાવી ને આજના પર્યાવરણ માટે વૃક્ષો અતિ મહત્વના હોય અને વધુ કાળજી લેવાનો આગ્રહ ધારાસભ્ય કસવાળાએ રાખ્યો હતો જ્યારે સાવરકુંડલા શહેરની ૭૧ આંગણવાડી ખાતે ભારત દેશના ભાવિ ભૂલકાઓને બિસ્કીટ ચોકલેટ સાથે કેક પીરસીને જન્મદિવસની ઉજવણી કરવાનું સૌભાગ્ય કસવાળાએ પ્રાપ્ત કર્યું હતું જ્યારે અતિ પછાત વિસ્તાર ગણાતા હાથસણી રોડ પર શિક્ષણ માટે સતત કાર્યશીલ રહેતા ઉદારતા ટ્રસ્ટને પ્રોત્સાહિત કરવા વિદ્યાર્થી શૈક્ષણીક કીટ અર્પણ કરીને બાળકોને નાસ્તો કરાવ્યો

(અનુ. પાના નં.૬)

ડૉ.દેવકી એ.મોગા
M.B., DVD (Skin & VD)
dr.devkivala@gmail.com
સમભાવ હોસ્પિટલ
હવે અણગમતા વાળથી છુટકારો મેળવો એક અને જ અપનાવો
"લેસર હેર રીમુવલ"
US-FDA માન્ય DIODE મશીન દ્વારા
• ચીન • બીકીની
• અપરલીપ • ચેસ્ટ & બેક
• અન્ડરઆર્મ
• હેન્ડ
• લેગ
સ્ત્રી તેમજ પુરુષો બન્ને માટે
માણેકપરા, લાઇફ લાઇન કોર્નર સામે, ડૉ.ધડુક સાહેબની હોસ્પિટલની બાજુમાં, સ્વામિનારાયણ મંદિર રોડ, અમરેલી
સોમ થી શનિ સવારે : ૧૦ થી ૧, સાંજે ૫ થી ૮ - અપોઇમેન્ટ માટે મો.૭૫૬૭૨ ૭૬૩૬૯

શું તમે પથરીના દુઃખાવાથી પરેશાન છો ?
ઓપરેશન કરાવવામાં ડર લાગે છે ?
તો આજે જ
મારુતિ ક્લિનિક
ની મુલાકાત લ્યો.
અહીંયા ઓપરેશન વગર હોમિયોપેથીક દવા દ્વારા પથરીની સારવાર કરવામાં આવે છે.
પથરીની સારવારની વિશેષ માહિતી માટે
ડો. આકાશ આર. જાવિયા B.H.M.S.(C.C.H.)
ડો. હિના એન. જાવિયા B.A.M.S., M.E.T.C.
9662635124

ભગવાન સૌનું ભલુ કરો...
- રાજી રેજો
પ.પૂ. યોગીજી મહારાજ

ફોર વ્હીલ સનેડા તથા થ્રી વ્હીલ સનેડા બનાવી આપશું.
મારો વિશ્વાસ મારી તાકાત
શ્રી ચામુંડા સનેડો ટ્રેક્ટર
સરકાર માન્ય સબસીડી મળવાપાત્ર
CHAMUNDA ENGINEERING
શ્રી ચામુંડા એન્જીનીયરીંગ
મનિષભાઈ પંડ્યા
9115821111 9737323402
અમરેલી રોડ, ખુશી રેસ્ટોરન્ટ ની બાજુમાં, મુ.ચિતલ, તા.જી. અમરેલી.
www.shreechamundaengineering.in

હોસ્પિટલ માટે સ્ટાફ જોઈએ છે
મેડીકલ ઓફિસર
M.B.B.S./B.H.M.S./B.A.M.S.
લેડીઝ તેમજ જેન્ટસ
: પગાર ધોરણ (ફ્રેશર માટે) :
રૂા. ૧૪,૦૦૦/- થી ૧૮,૦૦૦/-
અનુભવી માટે : રૂા. ૨૦,૦૦૦/- થી ૩૦,૦૦૦/-
ઇન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું, ફોન કરવો નહિ.
મળવાનો સમય : ૧૧ થી ૧૨,સાંજે ૫:૩૦ થી ૬:૩૦
નારી
વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.

શ્રી રાઘવેન્દ્ર મલ્ટિ-સ્પેશ્યાલીટી હોસ્પિટલ
SHREE RMS HOSPITAL
તૃતીય વર્ષમાં મંગલ પ્રવેશ
ડો.કેવલ આર.પંડયા
(M.B.,D.G.O.)
એડવાન્સ લેપ્રોસ્કોપી, સોનોગ્રાફી તથા ઇન્ફર્ટીલીટી સ્પેશ્યાલીસ્ટ

ડૉ. ચિરાગ વામજા
(એમ.ડી. સ્કીન.)
Swara Skin/Hair/Laser Clinic
ઉપલબ્ધ સુવિધાઓ
• મસા • લેસર હેર રીમુવલ
• ખીલ • કેમિકલ પિલિંગ
• ધાધર • હેર ટ્રાન્સપ્લાન્ટ
• ખરજવું • પી.આર.પી. ટ્રીટમેન્ટ
• ખરતાં વાળ • હાઇડ્રા ફેશિયલ
• રૂપાસી • મીસો થેરાપી
કલરવ હોસ્પિટલ
C/O. કેરીયા રોડ રેલવે અંડરબ્રીજ પાસે, અમરેલી. 92651 07698

માતૃશ્રી શાંતાબેન કોલેજ
એડમીશન ઓપન
B.A. B.Com. B.C.A. LL.B.
LL.M. M.A.(SANSKRIT) B.Sc.
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, યુ.જી.સી.
ધો.૧૦-૧૨ NIOS માન્ય બોર્ડ કેન્દ્ર
માતૃશ્રી શાંતાબેન કોલેજ - દેરડી (કું)
કોન્ટેક્ટ નંબર : 94085 18418, 94097 30130
રાજકોટ ઓફીસ : શિવ એન્ટરપ્રાઇઝ
૨/૩, પુજા કોમ્પ. બાલાજી હોલ પાછળ, ૧૫૦ ફુટ રીંગરોડ, રાજકોટ.
મો.નં.94275 57351

NETRA CHIKITSA TRUST MULTISPECIALITY HOSPITAL
માં/આયુષ્માન ભારત કાર્ડ હેઠળ ઘુંટણ બદલવાનું
ઓપરેશન તદ્દન મફત
શુ તમને ઘુંટણમાં દુખાવાને કારણે ચાલવામાં તકલીફ પડે છે ?
શુ તમારા મનમાં ઘુંટણના સાંધા બદલવા વિશે કોઈ ડર કે પ્રશ્ન છે ?
શુ તમને ઘુંટણનો સાંધો બદલવાની સલાહ આપવામાં આવી છે ?
24/7 Emergency Services
ડૉ. અંકિત ગાબાણી
(M.B.B.S., D.ORTHO)
ઓર્થોપેડિક -જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન
ઇમરજન્સી માટે સંપર્ક કરો
99789 66629
99045 93355

LG Life's Good.
Happiness Comes Home
EXCLUSIVE OFFERS
Fixed EMI 1999/-*
5% Cash Back
LG BEST SHOP
MUKUNDRAI AND BROTHERS
OPP. CAR CARE CENTER, CHAKAR GADH ROAD
AMRELI - 365601
Ph: 9408159606 / 9974772377

HONDA
1st Shine versary
આભાર ગુજરાત
Shine 100
ANNIVERSARY Offer
₹5000* કેશબેક
ઓછું ડાઉનપેમેન્ટ ₹5999/-
મહત્તમ લોન 95%
ઓછો વ્યાજદર 9.50%
ફ્રી હેલ્મેટ
* આ સ્કીમ ઓફર ટુંક સમય માટે જ
પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશનની સામે, સ્ટેશન રોડ, અમરેલી.
ફોન નં. ૦૨૭૯૨-૨૨૬૨૦૧-૦૨, મો. ૯૭૨૨૨ ૩૨૩૨૨